અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૬

વર્ષ : ૧૫
અંક : ૩૫૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## રાષ્ટ્રપતિ ભવનનો ‘દરબાર હોલ’ હવે બન્યો ‘ગણતંત્ર મંડપ’, અશોક હોલને પણ મળી નવી ઓળખ

### રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં આ માહિતી આપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ અને અશોક હોલનું નામ બદલવામાં આવ્યું છે. હવેથી દરબાર હોલ ગણતંત્ર મંડપ અને અશોક હોલ અશોક મંડપ તરીકે ઓળખાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નામ બદલવા પર ખુશી વ્યક્ત કરી છે. ગુરુવારે (૨૪ જુલાઈ) રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં આ માહિતી આપવામાં આવી છે. તાજેતરના સમયમાં ઘણી મોટી ઈમારતો અને રસ્તાઓના નામ પણ બદલવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ ભવને એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ભવન, ભારતના રાષ્ટ્રપતિનું કાર્યાલય અને નિવાસસ્થાન, રાષ્ટ્રનું પ્રતીક અને લોકોની અમૂલ્ય ધરોહર છે. તેને લોકો માટે વધુ સુલભ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ ભવન "ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને નીતિઓનું પ્રતિબિંબિત વાતાવરણ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા છે. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, "રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનના બે મહત્વપૂર્ણ હોલ, દરબાર હોલ અને અશોકા હોલનું નામ બદલીને અનુક્રમે ગણતંત્ર મંડપ અને અશોક મંડપ કરીને ખુશ છે." આ સિવાય નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અશોક શબ્દનો અર્થ તે વ્યક્તિ છે જે તમામ દુઃખોથી મુક્ત છે અથવા કોઈપણ દુઃખ સાથે સંકળાયેલ નથી. આ સાથે અશોક એટલે સમ્રાટ અશોક, સારનાથની સિંહ રાજધાની





છે. એકતા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનું પ્રતીક આ શબ્દ અશોક વૃક્ષનો પણ ઉલ્લેખ કરે છે, જેનું ભારતીય ધાર્મિક પરંપરાઓ તેમજ કલા અને સંસ્કૃતિમાં ઊંડું મહત્વ છે." દરબાર હોલમાં રાષ્ટ્રીય પુરસ્કારોની રજૂઆત જેવા મહત્વના સમારંભો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દરબાર શબ્દ ભારતીય શાસકો અને અંગ્રેજોની અદાલતો અને મેળાવડા સાથે સંકળાયેલો છે, જ્યાં તેઓ તેમના કાર્યોનું આયોજન કરતા હતા. અખબારી યાદીમાં કહેવામાં આવ્યું હતું કે ભારત પ્રજાસત્તાક બન્યા પછી તેની પ્રાસંગિકતા ગુમાવી દીધી છે. પ્રજાસત્તાકની વિભાવના ભારતીય સમાજમાં પ્રાચીન કાળથી ઊંડે ઊંડે જડેલી છે, તેથી દરબાર હોલનું ગણતંત્ર મંડપ નામ એકદમ યોગ્ય છે. દરબાર હોલનું નામ બદલ્યા બાદ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, દરબારની કોઈ અવધારણા નથી, પરંતુ શહેનશાહની અવધારણા છે.

### રાષ્ટ્રપતિ ભવનના હોલનું નામ બદલવાનો મામલો

## ‘દરબાર નહીં શહેનશાહ છે’, રાષ્ટ્રપતિ ભવન નામ બદલવા પર પ્રિયંકા ગાંધીનું નિશાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ અને અશોકા હોલનું નામ બદલી નાખવામાં આવ્યું છે. હાલ આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. હવે પછીથી દરબાર હોલ ગણતંત્ર મંડપ અને અશોક હોલ અશોક મંડપ તરીકે ઓળખાશે.

આ અંગે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દિક પ્રહારો કર્યા છે. પ્રિયંકા ગાંધીએ આ અંગે ટિપ્પણી કરતા કહ્યું કે દરબારનો કોઈ ખ્યાલ નથી પરંતુ શહેનશાહનો ખ્યાલ છે. ઉલ્લેખનીય છે કે આ નામ બદલવાની વાત વિપક્ષોને ગળે ઉતરી ન હોવાને કારણે આ મુદ્દો વધુ જોર પકડે તેવી શક્યતા છે.

રાષ્ટ્રપતિ ભવનની અંદર સ્થિત દરબાર હોલ અને અશોક હોલના નામ બદલવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, દરબાર હોલનું નામ હવે ગણતંત્ર મંડપ અને અશોક હોલનું નામ અશોક મંડપ રહેશે. દરબાર હોલ એ છે જ્યાં રાષ્ટ્રીય પુરસ્કારો આપવામાં આવે છે, જ્યારે અશોક હોલ મૂળ રૂપે એક બોલરૂમ હતો.

સરકારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ’દરબાર’, જે ભારતીય શાસકો અને અંગ્રેજોની અદાલતો અને એસેમ્બલીઓનો ઉલ્લેખ કરે છે, ભારત પ્રજાસત્તાક બન્યા પછી તેની સુસંગતતા ગુમાવી દીધી છે. રાષ્ટ્રપતિ



ભવન તરફથી કહેવામાં આવ્યું હતું કે ભારત હવે પ્રજાસત્તાક છે. આવી સ્થિતિમાં દરબાર જેવા શબ્દનો ઉપયોગ કરવો યોગ્ય નથી. ભારતીય સમાજમાં પ્રજાસત્તાકની વ્યાખ્યા પ્રાચીન છે. તેથી દરબાર હોલનું નામ બદલીને હવે ગણતંત્ર મંડપ કરાયું છે. અશોક હોલનો ઉપયોગ બોલરૂમ તરીકે કરવામાં આવ્યો છે. અશોક એટલે કોઈપણ પ્રકારના દુઃખથી મુક્ત થવું. આવી સ્થિતિમાં અશોક નામ યથાવત રહેશે, પરંતુ હવે તેમાં હોલને બદલે મંડપ શબ્દ ઉમેરવામાં આવશે. રાષ્ટ્રપતિ સચિવાલય વતી કહેવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ભવન દેશનું પ્રતીક છે અને તેનો સમૃદ્ધ વારસો દર્શાવે છે. ‘રાષ્ટ્રપતિ ભવન સુધી લોકોની પહોંચ વધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સિવાય રાષ્ટ્રપતિ ભવનની ઓળખને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ભાવનાઓ સાથે જોડવામાં આવી રહી છે.

## સંસદમાં ગુરુવારે પણ સત્તા પક્ષ અને વિપક્ષની વચ્ચે ઘમસાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સંસદમાં ગુરુવારે પણ સત્તા પક્ષ અને વિપક્ષની વચ્ચે ઘમસાણ જોવા મળ્યું. આજે પણ બંને ગૃહમાં હોબાળો અને સૂત્રોચ્ચાર થયા. આ દરમિયાન લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ભારતીય જનતા પાર્ટીના સભ્ય અભિજીત ગંગોપાધ્યાય તથા TMC ના MP અભિષેક બેનર્જીની કમેન્ટ્સને લઈને ગૃહમાં બેઠેલા સભ્યોને કહ્યું, ’તેઓ ગૃહની મર્યાદા રાખે તથા સ્પીકરને પડકાર ન આપે.’ ગૃહની કાર્યવાહી શરૂ થવા પર કોંગ્રેસ સભ્યોએ ગંગોપાધ્યાયની આપત્તિજનક ટિપ્પણીનો વિષય ઉઠાવ્યો. જેની પર સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, ‘કોઈ પણ સભ્ય ગૃહની ગરિમાને ઠેસ પહોંચાડનારી ટિપ્પણી કરે, તે દુર્ભાગ્યપૂર્ણ છે.’ તેમનું કહેવું હતું, ’સભ્ય ભલે સત્તાપક્ષનો હોય કે વિપક્ષનો હોય જો તે ગૃહની ગરિમાને ઠેસ પહોંચાડનારી ટિપ્પણી કરે છે તો શબ્દોને કાર્યવાહીથી હટાવવા જોઈએ. આ સાથે જ યોગ્ય કાર્યવાહી કરવા કે યોગ્ય ટિપ્પણી કરવાનો અધિકાર પણ અધ્યક્ષનો છે. કિરેન રિજિજૂના જણાવ્યા અનુસાર જ્યારે ગંગોપાધ્યાયે ટિપ્પણી કરી તો તેઓ તે સમયે લોકસભા નહીં પરંતુ રાજ્યસભામાં હતાં.

### નાયબ મુખ્યમંત્રી અજીત પવાર સ્થિતિની સમીક્ષા કરી

## મુંબઈ અને પુનામાં હાલ ભારે વરસાદ : જનજીવન ખોરવાયું

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મુંબઈ અને પુનામાં હાલ ભારે વરસાદના પગલે જનજીવન ખોરવાયું છે. મુંબઈની વાત કરીએ તો શહેરમાં જુલાઈ મહિનામાં જ ૧૫૦ સેન્ટીમિટર વરસાદ પડ્યો છે. જ્યારે પુનાની વાત કરીએ તો શહેરમાં ભારે ગડગડાટ સાથે પડેલા વરસાદમાં થતી વીજળીએ ત્રણ લોકોના જીવ લીધા છે. ભારે વરસાદની વચ્ચે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવાર ફોન પર સ્થિતિની સમીક્ષા કરી હતી. પવારે ડિવિઝનલ કમિશનર અને મુંબઈ, પુના અને થાણેના અન્ય અધિકારીઓને સુચના આપતા જણાવ્યું હતું કે હાલ એલર્ટનેસ જાળવવામાં આવે અને કોઈ પણ માહિતી મળે કે તરત જ તે જગ્યાએ રાહાતગીરી માટે માણસોને મોકલી આપવામાં આવે. ચોમાસું જામી ગયું છે અને દેશના ઘણા વિસ્તારોમાં



ભારે વરસાદ થઈ રહ્યો છે અને ખાસ કરીને અત્યારે મહારાષ્ટ્રમાં પણ ઘણો વરસાદ વરસી રહ્યો છે. હવે એ તો જાણીતું જ છે કે મહારાષ્ટ્રમાં દર વર્ષે વરસાદ આફત બની જાય છે અને આ વખતે પણ આવું જ કઈંક થઈ રહ્યું છે. મુંબઈમાં ગઈકાલ રાતથી સતત પડી રહેલા વરસાદને કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે, ટ્રેનો મોડી દોડી રહી છે. ક્યાંક કોઈ ઈમારત પડી રહી છે તો ક્યાંક કોઈ ખાડામાં પડી રહ્યું છે. આ સાથે જ હવામાન વિભાગ (IMD) એ મુંબઈ માટે યલો એલર્ટ જારી કર્યું હતું. મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી મુશળધાર વરસાદ ચાલુ છે અને ગઈકાલે આખી રાત વરસાદ પડ્યો. આજે અંધેરી સબવે ભારે વરસાદને કારણે વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. સાથે જ IMD એ આજે એટલે કે ૨૫ જુલાઈના રોજ કોંકણ, મધ્ય મહારાષ્ટ્રના અલગ-અલગ સ્થળોએ અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. બીજી તરફ, મ્સ્ઝ્રએ મુંબઈમાં બપોરે ૩ વાગ્યે હાઈ ટાઈડ એલર્ટ જાહેર કર્યું છે. દરિયા કિનારે ૪ થી ૫ મીટર ઉંચા મોજા ઉછળી શકે છે. લોકોને ત્યાં જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પુણેની હાલત પણ ખરાબ છે, જ્યાં ઘણા વિસ્તારોમાં ૧૦૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે.

## રાજસ્થાનમાં ચૂંટણી પહેલા ભાજપ અધ્યક્ષની રાજીનામાની તૈયારી

। જયપુર, તા.૨૫ ।

રાજસ્થાનમાં ચૂંટણી પહેલા ભાજપ અધ્યક્ષ અને ચિત્તૌડગઢના સાંસદ સી.પી.જોશીએ રાજીનામું આપવાની ઓફર કરી છે. આ માટે તેમણે ગૃહમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે પણ મુલાકાત કરી છે. જોશીએ રાજીનામું આપવાની તૈયારીઓ કેમ કરી, તેનું કારણ પણ સામે આવ્યું છે. ભાજપ સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ અધ્યક્ષ સી.પી. જોશીએ રાજીનામાની ઓફર કરી છે. એવા પણ અહેવાલો સામે આવ્યા છે.

### મહારાષ્ટ્રની ચૂંટણી ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો

## શિંદે અને અજિત પવારે વધાર્યું ભાજપનું ટેન્શન

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ બેકફૂટ પર ધકેલાયા બાદ હવે વિધાનસભાની ચૂંટણીમાં પણ પાર્ટી મુશ્કેલીઓ સામનો રહી છે. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી એનસીપીના પ્રમુખ અજિત પવારનું નિવેદન અને તેમના અહેવાલો ચર્ચાના ચગડોળે ચઢ્યા છે. મળતા અહેવાલો મુજબ અજિતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. અજિત પવારની પાર્ટી દ્ગઝ્રઁએ લોકસભાની ચૂંટણીમાં માત્ર એક બેઠક જીતી છે, તેમ છતાં તેઓ વિધાનસભામાં વધુમાં વધુ બેઠકોની માંગણી કરી ભાજપ પર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનની વાત કરીએ તો શિવસેના અને એનસીપી વધુમાં વધુ બેઠકોની માંગણી કરી રહ્યા છે, તો બીજીતરફ ભાજપ પણ રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી મોટાભાગની બેઠકો તેની પાસે રાખવા માંગે છે. હાલ ભાજપ માટે સૌથી મોટો ચિંતાનો વિષય મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી બની ગયો છે, કારણ કે, રાજ્યની કુલ બેઠકો ૨૮૮ છે અને અજિતની એનસીપી વિધાનસભાની ૮૦થી ૯૦ બેઠકો પર દાવો કરી રહી છે.

## મનાલીમાં આભ ફાટતાં ચારેકોર તબાહી સર્જાઈ

। (એજન્સી) મનાલી, તા.૨૫ ।

હિમાચલ પ્રદેશના મનાલીમાં ૧૦ કિ.મી. દૂર સોલાંગ વેલીમાં આભ ફાટતાં ભારે તબાહી મચી ગઈ. અડધી રાતે ભારે વરસાદ બાદ આશરે ૧ વાગ્યે અંજનિ મહાદેવ નાળામાં ભયાનક પૂર આવ્યું. જેના લીધે ધૂંધીથી પલચાન અને મનાલી શહેર સુધી અફરાતફરી મચી ગઈ. વ્યાસ નદીમાં જળસ્તર વધી ગયું. પર્વતો પરથી પથ્થરો પણ ધસી આવ્યા જેના કારણે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા. મનાલીના સોલાંગવાલી રિસોર્ટ નજીકના ઘણા વીડિયો સામે આવ્યા છે. જેમાં દેખાય છે કે નાળામાં એકાએક ભારે ધસમસતો પ્રવાહ આવી જાય છે. પૂરની લપેટમાં આવતા બે મકાનો પણ વહી ગયાની માહિતી મળી હતી. આ ઉપરાંત અનેક પશુઓ પણ આભ ફાટ્યા બાદ સર્જાયેલા પૂરમાં તણાઈ ગયા હતા. અહીં આવેલા ૯ મેગાવૉટના પાવર પ્રોજેક્ટને પણ નુકસાન થયું હતું. અહીં પલચાનથી આગળ આવેલા પુલ પર મોટા મોટા પથ્થરોનો ખડકલો સર્જાયો છે. લોકો પણ પોતાના ઘરોથી બહાર નીકળી આવ્યા હતા. આ વિસ્તારના ધારાસભ્ય અને પૂર્વમંત્રી ગોવિંદ સિંહ પણ ઘટનાસ્થળની મુલાકાત લેવા પહોંચ્યા હતા. રસ્તો હાલ બંધ છે અને પથ્થરો હટાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારે પૂરને લીધે અટલ ટનલથી ચાર કિ.મી. પહેલા આવેલા ધૂંધી ટનલથી લઈને પલચાન સુધી નુકસાનના અહેવાલ છે. એક જગ્યાએ સ્નોગેલેરીમાં પણ કાટમાળ ફરી વળ્યું હતું.

## Olympics 2024: ભારત ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતની મહિલા તીરંદાજી ટીમે પેરિસ ઓલિમ્પિક ના રેન્કિંગ રાઉન્ડમાં સારું પ્રદર્શન કર્યું છે. દીપિકા કુમારી, અંકિતા ભગત અને ભજન કૌરે સામૂહિક રીતે ભારતને ૧,૯૮૩ પોઈન્ટ આપ્યા છે. આ સાથે ભારતીય ટીમ ચોથા ક્રમે રહી અને ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. વ્યક્તિગત સ્કોર વિશે વાત કરીએ તો, ભારત માટે શ્રેષ્ઠ પ્રદર્શન અંકિતા ભગત દ્વારા કરવામાં આવ્યું હતું, જેણે ૭૨ શોટ ફટકારીને કુલ ૬૬૬ પોઈન્ટ મેળવ્યા હતા અને તે ૧૧માં સ્થાને રહી હતી. બીજી તરફ દીપિકા કુમારી અને ભજન કૌર ટોપ ૨૦માંથી બહાર રહી. ભારતીય ખેલાડીઓના વ્યક્તિગત પ્રદર્શન પર નજર કરીએ તો અંકિતા ૧૧માં, ભજન કૌર ૨૨માં અને દીપિકા કુમારી ૨૩માં ક્રમે છે. અંકિતાએ બીજા હાફના છેલ્લા બે સેટમાં શાનદાર વાપસી કરી હતી, જેમાં તેણે ૧૨૦માંથી ૧૧૨ પોઈન્ટ મેળવ્યા હતા. છેલ્લી ક્ષણોમાં, ખાસ કરીને ૧૮ વર્ષની ભજન કૌરનું ખૂબ જ ખરાબ પ્રદર્શન જોવા મળ્યું, જેણે કુલ ૬૫૯ પોઈન્ટ્સ મેળવ્યા. દીપિકા તેનાથી એક પોઈન્ટ પાછળ હતી અને તેણે ૬૫૮ પોઈન્ટ સાથે રેંકિંગ રાઉન્ડ પૂરો કર્યો હતો. નિયમોની વાત કરીએ તો, ટીમ લિસ્ટમાં ટોપ ૪માં સ્થાન મેળવનારી ટીમોને ટીમ ઈવેન્ટમાં ક્વાર્ટર ફાઈનલમાં સીધો પ્રવેશ મળશે. ભારત ૧૯૮૩ પોઈન્ટ સાથે ચોથા સ્થાને હોવાથી તેણે ક્વાર્ટર ફાઈનલમાં સીધો પ્રવેશ મેળવ્યો છે.



## ન્યુઝ બોક્ષ

### અબડાસાની સ્થાનિક નદીઓમાં જોવા મળ્યો ધસમસતો પ્રવાહ

। (એજન્સી) કચ્છ, તા.૨૫ ।

કચ્છમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી રહ્યાં છે. ભારે વરસાદના કારણે કચ્છના અબડાસાના સાંઘાણની નદીમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી છે. કચ્છમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી રહ્યાં છે. ભારે વરસાદના કારણે કચ્છના અબડાસાના સાંઘાણની નદીમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી છે. નદીઓમાં ધસમસતો પાણી પ્રવાહ જોવા મળ્યો છે. સાંઘાણની ધસ મસતા નદીના પ્રવાહમાં અનેક ગાયો તણાઈ છે. પાણીના પ્રચંડ પ્રવાહના ડરામણા દ્રશ્યો સામે આવ્યા છે. કચ્છના અબડાસાની રવ નદીમાં પણ ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. નદીના પાણીનો ધસમસતો પ્રવાહ અનેક વીજપોલ તાણી ગયા છે. રવાના નદીના પાણીમાં મોટાભાગની જ વસ્તુઓ તણાઈ ગઈ છે. પાણીના પ્રવાહમાં કિનારે રહેલા લોખંડનો ઢાંચો પણ પાણીમાં તણાયો છે.

### ચાંદીપુરા વાઇરસથી જામનગરમાં બે બાળકના મોત થતા સનસનાટી

। (એજન્સી) જામનગર, તા.૨૫ ।

જામનગરમાં બે બાળકનું ચાંદીપુરા વાઈરસથી મોત નીપજતા સનસનાટી મચી ગઈ છે. સરકારી જીજી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા જામનગરના ગુલાબનગર વિસ્તારના પાંચ વર્ષના બાળકનું ચાંદીપુરા વાઈરસના લીધે મોત નીપજતા હોસ્પિટલના વર્તુળોમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ ઉપરાંત અન્ય બે બાળ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. જામનગરના ગુલાબ નગર વિસ્તારમાં રહેતા પાંચ વર્ષના એક બાળકને ગઈકાલે ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણ જણાયા હોવાથી ગંભીર હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન બુધવારે સવારે તેનું નિધન થયું છે. આ સિવાય મંગળવારે સારવાર અર્થે આવેલા લાલપુરના ૧૧ વર્ષને ૮ માસના એક બાળકનું બુધવારે સારવાર દરમિયાન મૃત્યુ નીપજતાં હોસ્પિટલ વર્તુળમાં દોડધામ થઈ છે.

### હવામાન વિભાગનું એલર્ટ

# ગુજરાતના ચાર જિલ્લામાં અતિ ભારે વરસાદની ચેતવણી

## ગુજરાતમાં હાલ એક ઓફ શોર ટર્ફ અને શિઅર ઝોન એક્ટિવ છે, જેના પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત કચ્છમાં વરસાદ વરસી રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં હાલ એક ઓફ શોર ટર્ફ અને શિઅર ઝોન એક્ટિવ છે. જેના પગલે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત કચ્છમાં વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૨૮ જુલાઈ સુધી સમગ્ર ગુજરાતમાં છુટછવાયો વરસાદ વરસશે. આજે હવામાન વિભાગે ૪ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના ચાર જિલ્લામાં આજે ભારે વરસાદનું અનુમાન છે. ભાવનગર, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદનું અનુમાન છે. સારા વરસાદની રાહ જોતા ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર છે. આવતીકાલે સક્રિય થનાર સિસ્ટમના કારણે ઉત્તર ગુજરાતમાં આજે અનરાધાર વરસાદનું અનુમાન છે. અત્યાર સુધીની રાજ્યમાં ચોમાસાની સ્થિતિની વાત કરીએ તો રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૦ ટકા વરસાદ નોંધાયો છે. ક્ષમતાના ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૬ સુધી પહોંચી છે. ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૨૫ છે. ૫૦થી ૭૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૪૧ છે. તો ૨૫ ટકાથી નીચે ભરાયેલા ડેમની સંખ્યા ૬૯ છે. આ સાથે રાજ્યની ૧૦ નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે પોરબંદરથી ધોરાજી પંથક સુધી અને દક્ષિણ ગુજરાતમાં જન જીવન ખોરવાયું છે. વિવિધ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૪ હજાર ૨૩૨થી વધુ લોકોનું સ્થળાંતર કર્યુ છે. તો પાણીમાં ફસાયેલા ૫૩૫ લોકોને રેસ્ક્યૂ કરી બચાવાયા છે. સૌથી વધારે નવસારી, દ્વારકા, સુરત અને ભરુચ જિલ્લામાં સ્થળાંતરની કામગીરી ચાલી રહી છે. ભારે વરસાદથી ગામડાના માર્ગોથી લઈને સ્ટેટ હાઈવે પ્રભાવિત થયા છે. ૧૭ રાજ્ય ધોરીમાર્ગો અને ૪૨ અન્ય રસ્તા અને પંચાયતના ૬૦૭ રસ્તાઓ સહિત કુલ ૬૬૬ રસ્તાઓ હાલમાં બંધની સ્થિતિમાં છે. તો રાજ્યના ૨૩૫ ગામમાં હજુ પણ વીજળી ગૂલ છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ બાદ મધ્ય ગુજરાતમાં મેઘરાજાનો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. બુધવારે ખાબકેલા અનરાધાર વરસાદથી વડોદરા, આણંદ અને સુરત જિલ્લો પાણી પાણી થઈ ગયો. શહેરના રાજમાર્ગો જળમગ્ન જોવા મળ્યાં. નીચાણવાળા વિસ્તારમાં તો ઘરમાં પાણી ઘૂસી જાતાં ઘરવખરીને પણ નુકસાન થયુ છે.

## જૂનાગઢમાં ગેરકાયદેસરના બાંધકામ સામે તંત્રની લાલ આંખ

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૫ ।

જૂનાગઢમાં ગેરકાયદેસરના બાંધકામ સામે તંત્રએ લાલ આંખ કરી છે. એસડીએમે ભાલછેલનો રિસોર્ટ તોડી પાડવા આદેશ આપ્યો છે. ભાલછેલના શિવવિલા રિસોર્ટ સામે એસડીએમે આ આકરી કાર્યવાહી કરી છે. એસડીએમે એક જ માસમાં રિસોર્ટ તોડી પાડવા જણાવ્યું છે.એસડીએમની નોટિસમાં જણાવાયું હતું કે રિસોર્ટ જે સ્થળે બન્યો છે તે સ્થળ રહેઠાણો માટેનું જ છે. પણ આ સ્થળને કોમર્સિયલ હેતુ માટે ઉપયોગ કરવામાં આવતો હતો. આ સિવાય ગેરકાયદેસર બાંધકામ બદલ તેને ૩૩ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આના પગલે જૂનાગઢમાં ગેરકાયદેસર રીતે થયેલા બાંધકામોમાં ધંધાકીય એકમો ચલાવનારા લોકોમાં હડકંપ મચી ગયો છે. તેઓને પણ ફડક પેઠી છે કે તેમણે પણ ગમે ત્યારે બધુ ઉસેટવાનો સમય આવી શકે છે. તેમની સામે પણ આ પ્રકારની દંડાત્મક કાર્યવાહી થઈ શકે છે. આ પહેલા મે મહિનામાં દસમી મેએ મોડી રાતે જૂનાગઢમાં મજેવડી દરવાજા અને તળાવ દરવાજા પાસે ગેરકાયદેસરના બાંધકામ સામે ડિમોલિશનની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ધાર્મિક દબાણો પર બુલડોઝર ફેરવી ડિમોલિશનની આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ સાથે રેલવે સ્ટેશન રોડ પર પણ ડિમોલિશન કાર્યવાહી કરાઈ હતી.

### ચોતરફ વરસાદ વચ્ચે હાઇવે ક્લીયર કરાવતી ભરૂચ પોલીસ

। (એજન્સી) ભરૂચ, તા.૨૫ ।

ભરૂચ પોલીસના વાઈરલ થયેલા વિડીયોની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. આ વિડીયો પુરાવો છે કે પોલીસ ધારે તો કેવી મદદ કરી શકે છે અને સાંબેલાધાર વરસાદ અને પૂરમાંથી પણ રસ્તો કાઢી શકે છે. ભરૂચ પોલીસના વાઈરલ થયેલા વિડીયોની ચોતરફ પ્રશંસા થઈ રહી છે. આ વિડીયો પુરાવો છે કે પોલીસ ધારે તો કેવી મદદ કરી શકે છે અને સાંબેલાધાર વરસાદ અને પૂરમાંથી પણ રસ્તો કાઢી શકે છે. ચોતરફ વરસાદ છે. ભરૂચનો કોઈ એવો હિસ્સો નથી જે પાણીમાં નહીં હોય. ચોમેર પાણીપાણી છે.

## સરકારની જન કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો લોકો સુધી પહોંચાડવા માટે અમદાવાદ જીપીઓ દ્વારા 'ડાક ચૌપાલ'નું કરાયું આયોજન

### નારણપુરા ખાતે યોજાયેલા 'ડાક ચૌપાલ' કાર્યક્રમમાં ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ




। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

સરકારની જન કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો અમદાવાદના નાગરિકો સુધી પહોંચાડવા માટે અમદાવાદ જીપીઓ(જનરલ પોસ્ટઓફીસ) દ્વારા 'ડાક ચૌપાલ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય પોસ્ટ માસ્તરની કચેરી, અમદાવાદ જીપીઓ દ્વારા ૨૫.૦૭.૨૦૨૪ ના રોજ અમદાવાદના નારણપુરાના ધરતી વિકાસ મંડળ ખાતે 'ડાક ચૌપાલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. હેડ ક્વાર્ટર રિજિયન, અમદાવાદના ડાયરેક્ટર સુશ્રી મીતા કે. શાહ દ્વારા 'ડાક ચૌપાલ'નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

મુખ્ય પોસ્ટ માસ્તરની કચેરી, અમદાવાદ જીપીઓ દ્વારા આયોજિત 'ડાક ચૌપાલ'નો ઉદ્દેશ્ય વધુ સામુદાયિક જોડાણને પ્રોત્સાહન આપવાનો અને ટપાલ સેવાઓની સુલભતા વધારવાનો હતો. આ ઉપરાંત, ડિજિટલ ઈન્ડિયા, નાણાકીય સમાવેશ અને અંત્યોદયની વિભાવના સાથે લોકોને જોડવાનો પણ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો.

સુશ્રી મીતા કે. શાહે 'ડાક ચૌપાલ'નું આયોજન કરવાના ઉદ્દેશ્યથી શ્રોતાઓને અવગત કરાવતા જણાવ્યું હતું કે,

આ ઉપક્રમ ની ઉદ્દેશ 'સરકારી સેવાઓને ઘરઆંગણે લાવવા' પર ધ્યાન કેન્દ્રિત કરીને લોકોમાં નાણાકીય સેવાઓ, વીમો, ચૂકવણી બેંક સેવાઓ, DBT, આધાર સેવાઓ, ઈ-કોમર્સ અને નિકાસ સેવાઓ સહિતની નાગરિક કેન્દ્રિત સેવાઓ વિશે જાગૃતતા લાવવાનો છે. આ ઉપરાંત, સરકારની કલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો પોસ્ટ ઓફિસ દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પણ આ કાર્યક્રમનો હેતુ છે. IPPB દ્વારા પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો આજે મોબાઈલ બેંક તરીકે કામ કરી રહ્યા છે એમ તેમણે જણાવ્યું હતું.

ઉપસ્થિતોને સંબોધતા, તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ડાક સેવાઓ આપણા રોજિંદા જીવનમાં સંદેશાવ્યવહારના વિશ્વસનીય માધ્યમો તથા નાણાકીય સેવાઓ પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓએ દરેકને ઈન્ડિયા પોસ્ટ દ્વારા ઓફર કરવામાં આવતી સેવાઓની વિશાળ શ્રેણીનો ઉપયોગ કરવા અને અન્વેષણ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

સુશ્રી મીતા કે. શાહે કાર્યક્રમમાં લાભાર્થીઓને SSA અને MSSC પાસબુકનું વિતરણ કર્યું હતું. તમામ આમંત્રિત મહેમાનોએ ડાક સેવાઓની કનેક્ટિવિટી વધારવા અને આવશ્યક સંદેશાવ્યવહારની સુવિધામાં ડાક સેવાઓની ભૂમિકામાં ઊંડો રસ દર્શાવ્યો હતો.

આ પ્રસંગે શ્રી જીતેન્દ્ર પટેલ (ભગત) - ધારાસભ્ય, નારણપુરા, અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલરશ્રીઓ સહિત અમદાવાદ જીપીઓ અને પોસ્ટ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### દક્ષિણ ગુજરાતમાં સતત વરસાદ ચાલુ જ છે

## ભારે વરસાદને પગલે વડોદરા ડિવિઝન તેમજ સૌરાષ્ટ્રની ટ્રેનોનું શેડ્યૂલ ખોરવાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

સુરત તેમજ વડોદરા અને દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને લીધે ઘરોમાં પાણી ભરાયા છે. અમુક જગ્યાએ તો સ્કૂલો અને કોલેજો બંધ કરવાની નોબત આવી ગઈ છે. વરસાદને લીધે વડોદરા ડિવિઝનની કેટલીક ટ્રેનો રદ કરી છે. ટ્રેન નંબર - ૦૯૦૮૨ ભરુચ - સુરત મેમુનું ટાઈમટેબલ આગળ પાછળ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર - ૦૯૦૮૦ વડોદરા-ભરુચ મેમુ તેમજ ટ્રેન નંબર ૨૨૯૫૪ અમદાવાદ - મુંબઈ મધ્ય ગુજરાત SF EXP અને ટ્રેન નંબર ૧૬૩૧૧ શ્રી ગંગાનગર - કોચુવેલી એક્સપ્રેસ ભારે વરસાદને લીધે ટ્રેનોનું શેડ્યૂલ ખોરવાયું છે. ટ્રેન નંબર ૨૨૯૫૪ અમદાવાદ - મુંબઈ મધ્ય ગુજરાત SF Exp, ટ્રેન નંબર ૧૬૩૧૧ શ્રી ગંગાનગર - કોચુવેલી એક્સપ્રેસનું પણ ટાઈમટેબલ આગળ પાછળ થયું છે. ટ્રેન નંબર ૨૨૯૧૬ હિસાર - બાંદ્રા ટર્મિનસ એસએફ એક્સપ્રેસ તેમજ ટ્રેન નંબર ૦૯૦૮૦ વડોદરા - ભરૂચ MEMU Spl ટ્રેનનો પણ સમાવેશ થાય છે. Porbandar train : ટ્રેન નંબર - ૧૯૦૧૬ પોરબંદર - દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ તેમજ ટ્રેન નંબર - ૧૨૪૭૨ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા - બાંદ્રા ટર્મિનસ સ્વરાજ એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૨૨૨૧૦ નવી દિલ્હી - મુંબઈ સેન્ટ્રલ દુરંતો Exp પણ ખોરવાઈ છે.

### વહીવટી તંત્ર બન્યું સતર્ક

## નવસારી જિલ્લાના સતત વરસાદ વચ્ચે નદીઓના જળસ્તરમાં નોંધપાત્ર વધારો

। (એજન્સી) નવસારી, તા.૨૫ ।

સમગ્ર રાજ્ય સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે નવસારી વહિવટી તંત્ર, પોલીસ વિભાગ સહિત, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગ એલર્ટ મોડમાં આવી ગયું છે. ત્યારે નવસારી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી પડતા અનરાધાર વરસાદના પગલે તંત્ર એકશન મોડમાં કામગીરી કરી રહ્યું છે. નવસારી જિલ્લા અને ઉપરવાસમાં પડતાં વરસાદને કારણે જિલ્લાની નદીઓના જળસ્તરમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. કલાકે-કલાકે જળસ્તરમાં વધ-ઘટ થઈ રહી છે. નવસારી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂમ તરફથી પ્રાપ્ત અહેવાલ મુજબ આજરોજ તા.૨૪-૦૭-૨૦૨૪ સવારના ૧૦ વાગ્યા સુધી કાવેરી નદી ૧૮ ફુટ પાણીની સપાટી સાથે તેના ભયજનક સપાટી ૧૯ ફુટથી ફક્ત એક ફુટની દુરી ઉપર હતી. પરંતું બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઉપરવાસ અને જિલ્લામાં વરસાદ ઓછો થતા હાલ કાવેરી નદી ૧૪.૫૦ ફુટ ઉપર નદી વહી રહી છે. જ્યારે પૂર્ણા અને અંબિકા નદીમાં પાણીનું સ્તર વધી રહ્યું છે. અંબિકા નદી હાલ ૨૩.૬૧ ફુટ જળ સપાટી સાથે તેની ભયજનક સપાટી ૨૮ ફુટથી ૦૪.૩૯ ફુટ દુર છે.

### પાણીના પ્રકોપથી ૯૬ ગામ પ્રભાવિત થયા

## જૂનાગઢ જિલ્લાના ૧૯ ડેમમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો, ૨૭ લોકોનું રેસ્ક્યું

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૫ ।

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાના ૧૯ ડેમમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો થયા છે.પાણીના પ્રકોપથી ૯૬ ગામ પ્રભાવિત થયા છે. ભારે વરસાદને પગલે જિલ્લાના કુલ ૬૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં મેઘરાજા ધબધબાટી બોલાવી રહ્યાં છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાના ૧૯ ડેમમાંથી ૧૬ ડેમ ઓવરફ્લો થયા છે. પાણીના પ્રકોપથી ૯૬ ગામ પ્રભાવિત થયા છે. ભારે વરસાદને પગલે જિલ્લાના કુલ ૬૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. વરસાદમાં અત્યાર સુધી કુલ ૨૭ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. ૧૨૩૮ લોકોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે. વરસાદના કારણે જૂનાગઢમાં ૩ લોકોના મૃત્યુ છે. ભારે વરસાદના પગલે તંત્ર પણ એલર્ટ મોડમાં જોવા મળ્યુ છે. NDRFની એક ટીમ કેશોદ ખાતે તૈનાત કરવામાં આવી છે. તેમજ SDRFની એક ટીમ જૂનાગઢ ખાતે તૈનાત કરવામાં આવી છે.બીજી તરફ ઓઝત ૨ ડેમના ૮ દરવાજા ૩ ફૂટ ખોલવામાં આવ્યા છે. ૨૦ હજાર ક્યુસેક પાણીની આવકની સામે એટલી જ જાવક છે. ઓઝત નદી ઉપરનો બાદલપરા ડેમ સૌથી મોટો ડેમ છે. વંથલી, કેશોદ, માણાવદર તાલુકાના ગામોને એલર્ટ કરાયા છે. ઓઝત નદીનાં સમગ્ર ઘેડ પંથકના ગામોને પ્રભાવિત કરે છે.

## વિશેષ

### મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને મુખ્ય ૧૮ જેટલા જોવાલાયક સ્થળો માણવા મળશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાપુતારા ખાતે અગામી તા. ૨૯ જુલાઈએ 'મોન્સૂન ફેસ્ટિવલ'નો ઉદ્ઘાટન સમારંભ યોજાશે : પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસનની સાથેસાથે સ્થાનિક રોજગારીને વધુને વધુ પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આગામી તા. ૨૯ જુલાઈના રોજ સવારે ૯.૦૦ કલાકે 'સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો ઉદ્ઘાટન સમારંભ યોજાશે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૯થી યોજાતા મોન્સૂન ફેસ્ટિવલનું આ વર્ષે પ્રથમવાર મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે ત્યારે સ્થાનિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમ, પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું.



પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ મોન્સૂન ફેસ્ટિવલ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા ચોમાસાની ઋતુમાં તા. ૨૯ જુલાઈ થી ૨૮ ઓગસ્ટ-૨૦૨૪ એમ એક માસ સુધી સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. બોટ હાઉસ ગ્રાઉન્ડ, સાપુતારા ખાતે તા. ૨૯ જુલાઈના રોજ યોજાનાર ઉદ્ઘાટન સમારંભમાં કાર્યક્રમની શરૂઆત પ્રવાસન નિગમની તોરણ હોટેલ સામેથી રંગબેરંગી પરેડથી થશે. જેમાં ડાંગના સ્થાનિક સંગીતના વાજિંત્રો, મનોરંજક પાત્રો, અલગ-અલગ વેશભૂષામાં પાત્રો, ડાંગી આદિવાસી નૃત્ય તેમજ વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરાશે. રંગબેરંગી પરેડ બાદ મુખ્ય અતિથિ ગણ સાપુતારા તળાવ પાસે તૈયાર કરવામાં આવેલ ડોમ ખાતે પધારશે જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અંતે સાપુતારા સર્કલ પાસે મુખ્યમંત્રીશ્રી 'રેઈન રન મેરેથોન'નું ફ્લેગ ઓફ કરાવશે. આ ઉપરાંત પ્રવાસીઓ ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે અને સ્થાનિક કલાકારોને પણ વધુ રોજગારી મળી રહે તે હેતુથી કાર્યક્રમના મુખ્ય ડોમ ખાતે શુક્ર-શનિ-રવિ-જાહેર રજાના દિવસે તેમજ સાપુતારા મેઈન સર્કલ અને ગવર્નર હિલ ખાતે સાંજના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ સાથે આગામી જન્માષ્ટમીના દિવસે ખાસ દહીં-હાંડી કાર્યક્રમનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને આજુબાજુમાં ૧૮ જેટલા મુખ્ય જોવાલાયક સ્થળો માણવા મળશે, જેમાં, ઈકો ટુરીઝમ કેમ્પ સાઈટ-મહલ, એક્વેરિયમ, ઈકો પોઈન્ટ, ગાંધર્વપુર આર્ટિસ્ટ વિલેજ, ગીરા ધોધ, ગવર્નર હિલ, હાથગઢનો કિલ્લો, મધમાખી કેન્દ્ર, સંગ્રહાલયો, નાગેશ્વર મહાદેવ મંદિર, પૂર્ણા અભયારણ્ય, રોઝ ગાર્ડન, સાપુતારા તળાવ, સાપુતારા આદિજાતિ સંગ્રહાલય, સ્ટેપ ગાર્ડન, સનરાઈઝ પોઈન્ટ, સનસેટ પોઈન્ટ અને પ્રસિદ્ધ વાંસદા નેશનલ પાર્કનો સમાવેશ થાય છે. આ સાથે પેપર ક્રાફ્ટ વર્કશોપ અને તીરંદાજી પ્રેક્ટિસ સેશન, વરલી આર્ટસ, હેન્ડીક્રાફ્ટ અને ફોટોગ્રાફી એક્ઝિબિશન પણ પ્રવાસીઓને આકર્ષિત કરશે. પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈએ જણાવ્યું હતું કે, સાપુતારાનું આહલાદક વાતાવરણ અને અહીંનું કુદરતી સૌંદર્ય હર હંમેશથી પ્રવાસીઓની પ્રથમ પસંદ રહ્યું છે. રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલના ફળશ્રુતિરૂપે અહીં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૮.૧૬ લાખ જ્યારે વર્ષ ૨૦૨૩માં સાપુતારા ફેસ્ટિવલમાં ૨.૪૪ લાખથી વધુ સહિત એમ સમગ્ર વર્ષમાં કુલ ૧૧.૧૩ લાખ પ્રવાસીઓએ સાપુતારાની મુલાકાત લીધી હતી. આમ સાપુતારા ફેસ્ટિવલમાં પ્રવાસીઓના આગમનના પરિણામે ડાંગ અને તેના આસપાસના વિસ્તારોમાં રોજગારીની સાથે આવકના સ્ત્રોત વધ્યા છે જેથી જીવન સ્તરમાં સુધારો થયો છે. પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના 'ચેરાપુંજી' તરીકે ઓળખાતા સાપુતારામાં દર વર્ષે ચોમાસામાં સરેરાશ ૨૫૫ સે.મી જેટલો વરસાદ પડે છે જેથી આ પ્રદેશમાં કુદરતી વનરાજી સોળે કલાએ ખીલી ઉઠે છે જે રાજ્ય-રાજ્ય બહારના પ્રવાસીઓને વિશેષ રીતે આકર્ષિત કરે છે. ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા દરિયાની સપાટીથી લગભગ ૩,૦૦૦ ફૂટની ઉંચાઈએ આવેલું છે. ગુજરાત ટુરીઝમ દ્વારા સાપુતારાને ગેસ્ટહાઉસ, બગીચા, સ્વિમિંગ પુલ, બોટ ક્લબ, ઓડિટોરિયમ, રોપ વે અને મ્યુઝિયમ જેવી સુવિધા આપતું આયોજિત હિલ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાનાર ઉદ્ઘાટન સમારોહમાં આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજી હળપતિ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, વલસાડના સાંસદ સભ્ય શ્રી ધવલભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન સહિત પ્રવાસન નિગમના ઉચ્ચ અધિકારીઓ, સ્થાનિક હોદ્દાદારો-અધિકારીઓ, નાગરિકો સહભાગી થશે.

### પૂજા ખેડકરનું વધુ એક જૂઠ્ઠાણુ

# IASની પરીક્ષામાં ફાયદો મેળવવા માતા-પિતાએ છુટાછેડા લીધાનું ચલાવ્યું ધુપ્પલ

### પૂજા ખેડકરે વિવિધ એકેડેમીમાં આપેલા તેના મોક ઇન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે તેના પરિવારની આવક શૂન્ય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



ટ્રેઈની IAS પૂજા ખેડકરના જૂઠ્ઠાણા એક પછી એક બહાર આવી રહ્યા છે. આ મામલે રોજેરોજ થતા ખુલાસાથી આખા દેશભરમાં શિક્ષિતોને આંચકો લાગ્યો છે કે સનદી અધિકારી બનવા માટે કેવા કેવા જૂઠ્ઠાણાઓ ચલાવવામાં આવે છે. પૂજા ખેડકરના જૂઠ્ઠાણા હવે તેને જ પર ભારે પડી રહ્યાં છે. બોગસ વિકલાંગતા પ્રમાણપત્ર બાદ હવે તેના માતા-પિતાના છૂટાછેડાના દાવાની પણ પોલીસ તપાસ કરશે. IAS બનવા માટે પૂજા ખેડકરે અનેક યુક્તિઓ અજમાવી હતી. પૂજાએ ડિસેબિલિટી સર્ટિફિકેટ, અલગ-અલગ દસ્તાવેજોમાં અલગ-અલગ માહિતી, માતા-પિતાના છૂટાછેડાની થિયરી, ઝીરો ઈન્કમ સહિત ઘણાં જૂઠાણાં ચલાવ્યા હતા, પરંતુ આખરે હવે તેના તમામ જુઠ્ઠા દાવાઓની સત્યતા સામે આવી રહી છે. પૂજા ખેડકર પર આરોપ છે કે તેણે પોતાના અંગત ફાયદા માટે તેના માતા-પિતાના છૂટાછેડાની વાત કરી અને તેને લગતા દસ્તાવેજો પણ રજૂ કર્યા હતા. હવે સરકાર આ દાવાની પણ તપાસ કરાવશે. વાસ્તવમાં, પૂજા ખેડકરે MPSCને જાણ કરી હતી કે તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા છે, જ્યારે તેના પિતાએ તેમના ચૂંટણી એફિડેવિટમાં મનોરમા ખેડકરનો ઉલ્લેખ તેમની પત્ની તરીકે કર્યો હતો. આવી સ્થિતિમાં આ મામલે પણ પૂજાની મુશ્કેલીઓ વધી રહી છે. પૂજા ખેડકર તેના માતા-પિતાના છૂટાછેડા વિશે અને અલગ-અલગ મૉક ઈન્ટરવ્યુમાં વાત કરતી જોવા મળી હતી. પરંતુ વાસ્તવમાં એવું નથી. પૂજા ખેડકર અંગેના વિવાદ બાદ પોલીસની ટીમ જ્યારે પૂજા અને મનોરમાના ઘરે અલગ-અલગ કેસમાં પહોંચી ત્યારે જાણવા મળ્યું કે, દિલીપ ખેડકર અને મનોરમા ખેડકર એક જ ઘરમાં એક જ છત નીચે ઘણા સમયથી રહે છે. આવી સ્થિતિમાં છૂટાછેડાની થિયરી ખોટી સાબિત થતી જોવા મળી રહી છે. પૂજાએ તેના માતા-પિતાના છૂટાછેડા સાથે સંબંધિત ૨૦૧૦નો કોર્ટ દસ્તાવેજ દાખલ કર્યો હતો. હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું તેના માતા-પિતાએ ખરેખર છૂટાછેડા લીધેલા છે કે નહીં. અથવા પરિવારે જાણી જોઈને છૂટાછેડાના નકલી દસ્તાવેજ બનાવ્યા જેથી પૂજાને IASની પરીક્ષામાં ફાયદો મળી શકે. પૂજા ખેડકર પર તેના માતાપિતાના છૂટાછેડાનો દાવો કરીને UPSC પરીક્ષામાં OBC નોન-ક્રિમી લેયરનો લાભ લેવાનો આરોપ છે. કેન્દ્ર સરકારે પુણે પોલીસને પૂજા ખેડકરના માતા-પિતાની વૈવાહિક સ્થિતિ વિશે માહિતી આપવાનો આદેશ આપ્યો છે. પૂજા ખેડકરે દિલ્હીમાં વિવિધ એકેડેમીમાં આપેલા તેના મોક ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે તેના પરિવારની આવક શૂન્ય છે. આ દાવાનો આધાર એ હતો કે તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા છે અને તે તેની માતા સાથે રહે છે.

### મુંબઈમાં ભારે વરસાદની મુંબઇ એરપોર્ટ પર પડી અસર

# વરસાદના કારણે ઈન્ડિગો, એર ઈન્ડિયા અને સ્પાઈસ જેટની ફ્લાઈટ કેન્સલ

### ફ્લાઈટ કેન્સલ થતા એરપોર્ટ પર સેંકડો મુસાફર પરેશાન

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।




મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે સાથે જ મુંબઈ એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ પર વરસાદની અસર જોવા મળી રહી છે. જેના કારણે મુંબઈ એરપોર્ટ પર સેંકડો મુસાફર પરેશાન છે. મુંબઈમાં છેલ્લા ઘણા દિવસોથી સતત અને ભારે વરસાદના કારણે છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટ પર ફ્લાઈટ સંચાલન ગંભીરરીતે ખોરવાઈ ગયું છે જેના કારણે મુખ્ય એરલાઈનોએ મુસાફર માટે એડવાઈઝરી જાહેર કરવી પડી છે. ઈન્ડિગોએ કહ્યું કે સતત વરસાદના કારણે તેમની ફ્લાઈટમાં સમયાંતરે મોડું થઈ રહ્યું છે. ઓછી કિંમતવાળી એરલાઈન્સે કહ્યું કે તે મુસાફરને વાસ્તવિક સમય પર અપડેટ આપવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ તમામને એરપોર્ટ પર ગયા પહેલા પોતાની ફ્લાઈટની સ્થિતિની તપાસ કરવાની સલાહ આપે છે. ઈન્ડિગોએ કહ્યું, ‘અમે સરળ સંચાલન નક્કી કરવા માટે સતત કામ કરી રહ્યાં છીએ અને આશા કરીએ છીએ કે હવામાનમાં સુધારો થયા બાદ આ વિલંબ થોડો ઓછો થઈ જશે.’ આ દરમિયાન એર ઈન્ડિયાએ પણ તેના મુસાફરોને સંભવિત સમસ્યાઓ અંગે ચેતવણી આપી હતી. એર ઈન્ડિયાએ પોતાના મુસાફરોને સલાહ આપતાં કહ્યું કે ‘ભારે વરસાદના કારણે મુંબઈથી આવતી-જતી ફ્લાઈટ પ્રભાવિત થઈ શકે છે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ એરપોર્ટ માટે જલ્દી નીકળે, કેમ કે ધીમી ગતિથી મુસાફરી અને પાણી ભરાવાના કારણે અવર-જવરમાં મોડું થઈ શકે છે.’ સ્પાઈસજેટે પણ આ પ્રકારની ચિંતા વ્યક્ત કરી છે. એરલાઈન્સે કહ્યું કે પ્રતિકૂળ હવામાનની સ્થિતિના કારણે મુંબઈ એરપોર્ટ પર તમામ પ્રસ્થાન અને આગમન, સાથે જ તેમની પરિણામી ફ્લાઈટ અસર થઈ શકે છે. એરલાઈને સલાહ આપી છે કે ‘મુસાફરોને વિનંતી છે કે તેઓ પોતાની ફ્લાઈટની સ્થિતિની તપાસ કરતા રહે.’ મુંબઈ એરપોર્ટ પર ભારે વરસાદ અને ઝડપી પવનના કારણે ખરાબ વિઝિબિલિટીના કારણે ગુરુવારે સવારે મુંબઈ એરપોર્ટ પર ફ્લાઈટ સંચાલન થોડા સમય માટે સસ્પેન્ડ કરી દેવાયું. સવારે ૧૦.૫૫ વાગે વિઝિબિલિટી ૧૦૦૦ મીટર અને રનવે વિઝ્યુઅલ રેન્જ (આરવીઆર) ૧૨૦૦ મીટર નોંધાયા બાદ લગભગ ૨૦ મિનિટ બાદ સંચાલન ફરીથી શરૂ થયું. આ સાથે જ નાયબ મુખ્યમંત્રી અજીત પવારે કહ્યું, ‘આજે સવારથી, હું પોતાના કાર્યાલયથી મહારાષ્ટ્રના જુદા-જુદા જિલ્લા, ખાસ કરીને મુંબઈ, પૂણે, થાણે, કોલ્હાપુર અને સાંગલીમાં પડી રહેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિની સમીક્ષા કરી રહ્યો છું.’ તેમણે કહ્યું કે તમામ જિલ્લાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ સિસ્ટમ અને જિલ્લા તંત્રના સંબંધિત અધિકારીઓને બચાવ અને રાહત કાર્યમાં સહેજપણ મોડું કર્યા વિના લોકોને ઝડપથી જરૂરી મદદ પૂરી પાડવાના આદેશ આપવામાં આવ્યા છે

## ન્યૂઝ બ્રિફ

### રાજ્યોને ખાણ-ખનીજો ધરાવતી જમીનો પર ટેક્સ લગાવવાનો અધિકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટની ૯ જજની ખંડપીઠે ૮:૧ની બહુમતીથી આ ચુકાદો આપતા કહ્યું કે બંધારણ અંતર્ગત રાજ્યોને ખાણો અને ખનીજો ધરાવતી જમીન પર ટેક્સ લગાવવાનો અધિકાર છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો કે કાઢવામાં આવેલા ખનીજ પર આપવી પડતી રોયલ્ટી કોઈ કર નથી. સીજીઆઈ ડીવાઈ ચંદ્રચુડે સાત અન્ય જજોની સાથે બહુમતીથી આ ચુકદો આપ્યો, જ્યારે જસ્ટિસ બી વી નાગરત્નાએ આ અંગે અસહમતિ વ્યક્ત કરતા તેની વિરુદ્ધ ચુકાદો આપ્યો. બહુમતીથી આવેલા ચુકાદાના ઓપરેટિવ ભાગને વાંચતા ચીફ જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે સુપ્રીમ કોર્ટની સાત-ન્યાયાધીશોની ખંડપીઠનો ૧૯૮૯નો ચુકાદો, જેમાં કહેવામાં આવ્યું હતું કે રોયલ્ટી એક કર છે, જે ખોટો છે. શરૂઆતમાં જ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કહ્યું કે ખંડપીઠે બે અલગ-અલગ ચુકાદા સંભળાવ્યા છે અને ન્યાયમૂર્તિ બી વી નાગરત્નાએ આ મામલામાં અન્ય જજથી અલગ અસહમતિપૂર્ણ વિચાર આપ્યો છે. પોતાના ચુકાદાને વાંચતા ન્યાયમૂર્તિ નાગરત્નાએ કહ્યું કે રાજ્યોની પાસે ખાણ અને ખનીજ યુક્ત ભૂમિ પર કર લગાવવાની કોઈ બંધારણીય ક્ષમતા નથી. પીઠે આ ખૂબ જ વિવાદાસ્પદ મુદ્દા પર ચુકાદો આપ્યો કે શું ખનીજો પર આપવી પડતી રોયલ્ટી ખાણ અને ખનીજ(વિકાસ અને વિનિયમન) અધિનિયમ, ૧૯૫૭ અંતર્ગત એક કર છે.

### સોનાના ભાવ ૧૮ જુલાઈથી ૨૪ જુલાઈ સુધી ૪,૮૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ઘટ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી સોનાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના જણાવ્યા અનુસાર ૧૮ જુલાઈથી ૨૪ જુલાઈ સુધી સોનાની કિંમત ૪,૮૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ઘટી છે. આ કિંમત ૨૪ કેરેટ સોનાની છે. એ જ રીતે ૧૮ જુલાઈના રોજ ચાંદીની કિંમત ૯૧,૫૫૫ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી, જે ૨૪ જુલાઈના રોજ ૮૪,૮૬૨ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી. આ રીતે ચાંદીના ભાવમાં પણ છેલ્લા પાંચ દિવસમાં ૬,૬૯૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામનો ઘટાડો થયો છે.

### દેશમાં ઘટતી હિન્દુ વસ્તીને લઈને સવાલો ઊભા કર્યા

# ભાજપ સાંસદ નિશિકાંત દૂબેએ NRC લાગૂ કરવાની માગ કરી

### પશ્ચિમ બંગાળ અને બિહારના અમુક જિલ્લામાંથી મુસલમાનોને માઈગ્રેશન અને હિન્દુ ગામડાઓ ખાલી થવા પર ચિંતા વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



સંસદના ચોમાસું સત્રમાં ભાજપ સાંસદે દેશમાં ઘટતી હિન્દુ વસ્તીને લઈને સવાલો ઊભા કર્યા છે. ઝારખંડથી ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ રાજ્યના કેટલાય ભાગમાં ઘટતી હિન્દુ વસ્તીને લઈને ચિંતા વ્યક્ત કરી છે અને સરકારને એનઆરસી લાગૂ કરવાની માગ કરી છે. સાથે જ તેમણે પશ્ચિમ બંગાળ અને બિહારના અમુક જિલ્લામાંથી મુસલમાનોને માઈગ્રેશન અને હિન્દુ ગામડાઓ ખાલી થવા પર પણ ચિંતા વ્યક્ત કરી છે. દૂબેએ કહ્યું કે, જ્યારે ઝારખંડ ૨૦૦૦માં બિહારથી અલગ થયું ત્યારે ત્યાં સંથાલ ૩૬ ટકા હતા, જે હવે ઘટીને ફક્ત ૨૬ ટકા રહી ગયા છે. આખરે ૧૦ ટકા આદિવાસી ક્યાં ગયા. આ સદનમાં કોઈ ચર્ચા કરતું, ખાલી વોટ બેંકની પોલિટિક્સ કરે છે. ઝારખંડમાં જે પાર્ટી છે, ઝારખંડ મુક્તિ મોર્ચા અને કોંગ્રેસ તેના પર કોઈ એક્શન લઈ રહી નથી. દુબેએ આગળ કહ્યું કે, બાંગ્લાદેશના ઘુસણખોરો સતત વધી રહ્યા છે. આદિવાસી મહિલાઓ સાથે આ ઘુસણખોરો લગ્ન કરી રહ્યા છે. હિન્દુ મુસ્લિમનો સવાલ નથી. આ મહિલાઓ જે આદિવાસી કોટામાંથી ચૂંટણી લડે છે, તેમના પતિ મુસલમાન છે. આપણે ત્યાં લોકસભાની ચૂંટણી લડનારી આદિવાસી મહિલા અથવા જિલ્લા કોર્પોરેટ હોય, તેમના પતિ મુસલમાન છે. અમારા ૧૦૦ સરપંચ છે, જેમના પતિ મુસલમાન છે. દૂબેએ કહ્યું કે, અમારે ત્યાં લોકસભા ચૂંટણી થઈ. દર વર્ષે વોટરની સંખ્યામાંથી ૧૫થી ૧૭ ટકાનો વધારો થાય છે. પણ અમારે ત્યાં ૧૨૩ ટકા વોટર વધ્યા છે. પણ અમારે ત્યાં એક વિધાનસભા વિસ્તાર છે, જેમાં લગભગ ૨૬૭ બૂથ પર મુસલમાનોની વસ્તી ગભગ ૧૧૭ ટકા વધી છે. ઝારખંડમાં કમસે કમ ૨૫ વિધાનસભા સીટ પર ૧૧૦-૧૨૩ ટકા વોટરની સંખ્યા વધી ગઈ છે.

### ભાજપના બે સાંસદોના સાંસદપદ પર સંકટ

# દિગ્ગજ સાંસદો વિરુદ્ધ સંબંધિત અરજી હાઈકોર્ટમાં પહોંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભાજપના બે સાંસદોના સાંસદપદ પર આફત આવી હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ બન્ને દિગ્ગજ સાંસદો વિરુદ્ધ સંબંધિત અરજી હાઈકોર્ટમાં કરાઈ છે. હિમાચલ પ્રદેશમાં મંડી લોકસભા સીટ અને મધ્યપ્રદેશમાં ઈન્દોર લોકસભા સીટને લઈને બે અરજીઓ દાખલ કરાઈ છે. બન્ને સીટ ઉપરની ચૂંટણીને હાઈકોર્ટમાં પડકાર ફેંકાયો છે. મંડી લોકસભા સીટ ઉપર સાંસદ તથા બોલિવૂડ અભિનેત્રી અને ભાજપ નેતા કંગના રણૌતે જીત મેળવી હતી. જો કે મધ્યપ્રદેશના ઈન્દોરથી ભાજપ નેતા શંકર લાલવાણી સાંસદ તરીકે ચૂંટાયા હતા. બન્ને કેસમાં અરજદારોએ ચૂંટણી પરિણામોને રદ કરવાની માગ કરી છે. મંડીથી ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઊભેલા રામ નેગીએ તેમનું નોમિનેશન રદ કરવા સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમનો આરોપ છે કે, હું અપક્ષ તરીકે ચૂંટણી લડવા માગતો હતો અને નોમિનેશન પણ ફાઈલ કર્યું હતું પણ નક્કી સમયે એનઓસી ન મળતાં રિટર્નિંગ અધિકારીએ મારું નોમિનેશન રદ કરી દીધું હતું. ઈન્દોર બેઠક પર ભાજપે આઠ વખત લોકસભામાં ચૂંટણી જીતી છે. આ વખતે સાંસદ તરીકે ચૂંટાયેલા શંકર લાલવાણી અહીં નગર નિગમમાં સભાપતિ જેવા મહત્ત્વપૂર્ણ પદ પર કાર્યભાર સંભાળી ચૂક્યા છે. તેઓ ત્રણ વખત કાઉન્સિલર પણ રહી ચૂક્યા છે. સિંધી સમાજથી આવતાં લાલવાણી વિશે કહેવાય છે કે તેઓ સુમિત્રા મહાજન અને શિવરાજ સિંહ ચૌહાણની નજીક છે.

### લીકર પોલીસી કેસ સાથે જોડાયેલો છે ભ્રષ્ટ્રાચાર મામલો

# કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી ૮ ઓગસ્ટ સુધી વધી

### વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા : અરવિંદ કેજરીવાલ ની ૨૬ જૂને થઈ હતી ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લીકર પોલિસી સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી ૮ ઓગસ્ટ સુધી લંબાવી દીધી છે. તેમને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૨ જુલાઈએ કોર્ટે સીએમ કેજરીવાલની સીબીઆઈ જ્યુડિશિયલ કસ્ટડી ૨૫ જુલાઈ સુધી લંબાવી હતી. અગાઉ ૧૭ જુલાઈએ દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની સીબીઆઈ ધરપકડ અને વચગાળાની જામીન માટેની અરજીને પડકારતી અરજી પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. લગભગ અઢી કલાક સુધી ચાલેલી ચર્ચા બાદ કોર્ટે કહ્યું હતું કે તે જામીન અરજી પર ૨૯ જુલાઈએ સુનાવણી કરશે. સુનાવણી દરમિયાન કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલ લોકોએ ચૂંટેલા મુખ્યમંત્રી છે, આતંકવાદી નથી. પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનનો ઉલ્લેખ કરતાં સિંઘવીએ કહ્યું કે ઈમરાન ખાનને તાજેતરમાં જ મુક્ત કરવામાં આવ્યો હતો, પરંતુ અન્ય કેસમાં તેમની ફરી ધરપકડ કરવામાં આવી હતી. આપણા દેશમાં આવું ન થઈ શકે. તે જ સમયે ૧૨ જુલાઈએ સુપ્રીમ કોર્ટે કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. જામીન આપતા જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું હતું કે કેજરીવાલ ૯૦ દિવસથી જેલમાં છે. કેજરીવાલની ૨૧ માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ રાઉઝ એવન્યુ કોર્ટે તેને કસ્ટડીમાં મોકલી દીધા હતા. તેમની સામે બીજો કેસ સીબીઆઈનો છે. ઈડીએ ૯મી જુલાઈએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સાતમી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી.




નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ વિયેતનામની કમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટીના જનરલ સેક્રેટરી ન્યુએન ફૂ ટ્રોંગ ઈંગેલેરીને શ્રદ્ધાંજલિ આપવા વિયેતનામ એમ્બેસીની મુલાકાત લીધી હતી.

# યોગીની સામે જ ધારાસભ્યએ વ્યક્ત કરી નારાજગી

। (એજન્સી) લખનૌ, તા.૨૫ ।



લોકસભા ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શન બાદથી સીએમ યોગી સતત બેઠક કરી રહ્યાં છે અને પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યાં છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશની ૧૦ વિધાનસભા બેઠકો પર થનારી પેટા ચૂંટણીની તૈયારીઓને લઈને સીએમ યોગી કાર્યરત છે. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અલગ-અલગ મંડળના ધારાસભ્યો સાથે મુલાકાત કરવાનું શરૂ કર્યું છે. આ દરમિયાન ગુરુવારે સીએમ યોગી હાલ મેરઠ મંડળના ધારાસભ્યોની સાથે મીટિંગ કરી રહ્યાં છે. તે બાદ સીએમ યોગી પ્રયાગરાજ મંડળના ધારાસભ્યો સાથે વાત કરશે. આ પહેલા તેમણે બરેલી મંડળના ધારાસભ્યોની સાથે બેઠક કરી હતી. બેઠકમાં ધારાસભ્યોએ અધિકારીઓ વિરુદ્ધ ખૂબ ફરિયાદ કરી છે. મીટિંગમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે કોઈ પણ જનપ્રતિનિધિની જીતમાં ૫૦ ટકા પાર્ટીની તો ૫૦ ટકા ભૂમિકા ઉમેદવારની હોય છે. ધારાસભ્યો દ્વારા અધિકારીઓના ન સાંભળવાની ફરિયાદ પર મુખ્યમંત્રીએ સ્પષ્ટ આદેશ આપ્યા છે કે જો કોઈ અધિકારી સાંભળી રહ્યાં નથી તો તેમના વિરુદ્ધ પાક્કા પુરાવાની સાથે ફરિયાદ કરો ત્યારે તે અધિકારી વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી થશે. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને વિસ્તારની જનતા સાથે બરાબર સંવાદ જાળવી રાખવા અને તેમની સમસ્યાઓ પ્રત્યે સંવેદનશીલ બનવાની પણ સલાહ આપી દીધી છે.

### અખિલેશ યાદવના દાવાથી ફરી રાજકારણ ગરમાયું

# કોઈ પરિવર્તન માટે તૈયાર હશે તો અમે તેમને સમર્થન આપીશું

। (એજન્સી) લખનૌ, તા.૨૫ ।



લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભારતીય જનતા પાર્ટીના નિરાશાજનક પ્રદર્શન બાદ ઉત્તર પ્રદેશમાં રાજકીય તાપમાન ગરમાયું છે. દિલ્હીથી લખનૌ સુધી ભાજપના નેતાઓ વચ્ચે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય વચ્ચે અણબનાવની અફવાઓ ચાલી રહી છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મોટો દાવો કર્યો છે. એક અહેવાલ મુજબ અખિલેશ યાદવે કહ્યું હતું કે, ‘હું યોગી સરકારના કોઈ ધારાસભ્યને તોડવા માંગતો નથી. સાંભળવામાં આવી રહ્યું છે કે અંદરો અંદર લડાઈ ચાલી રહી છે, પરંતુ લડાઈ માત્ર અંદર જ નથી, દિલ્હી સુધી ચાલી રહી છે.’ આંતરિક કલેશ વચ્ચે એવા અહેવાલો આવ્યા છે કે, ‘આવી સ્થતિમાં વિપક્ષ કંઈક ઓફર કરશે. જો કોઈ વ્યક્તિ લાંબા સમયથી મોટી ખુરશી પર બેસવાની કોશિશ કરી રહી હોય તો તમે તેને તે ખુરશી પર બેસવાની ઓફર અને ખાતરી આપો તો ખોટું શું છે? તે પોતે જ એટલા શક્તિશાળી છે. અમારા બેસાડવાથી જ થોડા તે ખુરશી પર બેસી શકે એવું બને. અમે પરિવર્તન તો ન લાવી શકીએ પરંતુ જો કોઈ પરિવર્તન માટે તૈયાર હશે તો અમે તેને ચોક્કસ સમર્થન આપીશું. અખિલેશ યાદવે ગયા અઠવાડિયે X પર કહ્યું હતું કે, ‘મોનસૂન ઓફર છે. ૧૦૦ લાવો અને સરકાર બનાવો’ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની ‘મોનસૂન ઓફર’ના એક દિવસ પછી કેશવ પ્રસાદ મૌર્યએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, ‘જનતા અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો તેને ૨૦૨૭માં ફરી ૪૭ સુધી ઘટાડશે.’ વર્ષ ૨૦૧૭માં જ્યારે મૌર્ય ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ હતા, ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને તેના સહયોગીઓને ૪૦૩ સભ્યોની વિધાનસભામાં ૩૨૫ બેઠકો મળી હતી. જ્યારે સપાના ખાતામાં ૪૭ સીટો આવી હતી. ત્યારે (૨૦૧૨-૨૦૧૭ સુધી) મુખ્યમંત્રી રહેલા અખિલેશ યાદવ સત્તાથી બહાર હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લોકસભા ચુંટણી દરમિયાન દાવો કર્યો હતો કે ત્રીજી વાર સત્તામાં આવ્યા પછી ભારતીય જનતા પાર્ટી સીએમ યોગી આદિત્યનાથને મુખ્યમંત્રી પદ પરથી હટાવી દેશે. આ બાબતે અરવિંદ કેજરીવાલે દાવો કરતા કહ્યું હતું કે, ‘પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમિત શાહ, યોગી આદિત્યનાથને મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવા ઈચ્છે છે.

## તંત્રી લેખ...

# નીતા અંબાણી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના સભ્ય તરીકે ફરી ચૂંટાયા

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક નીતા અંબાણી પેરિસમાં તેના ૧૪૨મા સત્ર દરમિયાન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિમાં ભારતના પ્રતિનિધિ તરીકે ફરીથી ચૂંટાયા છે. તેણીએ વૈશ્વિક રમતગમતમાં ભારતના વધતા પ્રભાવને પ્રકાશિત કરીને સર્વસંમતિથી પુનઃચૂંટણી માટે ઊંડો સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરી. નીતા અંબાણી, પ્રખ્યાત પરોપકારી અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક, પેરિસમાં વૈશ્વિક ઓલિમ્પિક સંસ્થાના ૧૪૨મા સત્રમાં ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના સભ્ય તરીકે સર્વસંમતિથી ફરીથી ચૂંટાયા છે "ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના સભ્ય તરીકે ફરીથી ચૂંટાઈને હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. ૨૬ જુલાઈથી ૧૧ ઓગસ્ટ દરમિયાન યોજાનારી પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ પહેલા તેમની પુનઃચૂંટણી પર અંબાણીએ જણાવ્યું હતું કે, હું પ્રમુખ બાચ અને IOCમાં મારા તમામ સાથીદારોનો મારામાં વિશ્વાસ અને વિશ્વાસ બદલ આભાર માનું છું. "આ પુનઃચૂંટણી માત્ર એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ નથી પણ વૈશ્વિક રમતગમત ક્ષેત્રે ભારતના વધતા પ્રભાવની માન્યતા પણ છે. હું દરેક ભારતીય સાથે આનંદ અને ગર્વની આ ક્ષણ શેર કરું છું અને ભારતમાં ઓલિમ્પિક ચળવળને મજબૂત કરવાના અમારા પ્રયાસો ચાલુ રાખવા માટે આતુર છું. અને સમગ્ર વિશ્વમાં," તેણીએ ઉમેર્યું. ૨૦૧૬ માં રિયો ડી જાનેરો ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન તેણી પ્રથમ વખત IOC ના વ્યક્તિગત સભ્ય તરીકે ચૂંટાઈ હતી. IOC માં જોડાનાર પ્રથમ ભારતીય મહિલા તરીકે, અંબાણીએ ભારતની રમતગમતની મહત્વાકાંક્ષાઓ અને ઓલિમ્પિક વિઝનને પ્રોત્સાહન આપતા વૈશ્વિક સંસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. અંબાણીએ ૪૦ વર્ષથી વધુ સમયથી મુંબઈમાં તેના પ્રથમ IOC સત્રની યજમાનીમાં ભારતની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, અને વિશ્વ સમક્ષ દેશની મહત્વાકાંક્ષાઓ દર્શાવી હતી. ભારત ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની માટે બિડ કરવાની યોજના ધરાવે છે. રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન તરીકે, તેણીનો હેતુ રમતગમત, શિક્ષણ, આરોગ્ય, કલા અને સંસ્કૃતિમાં પહેલો દ્વારા લાખો ભારતીયોને સશક્ત બનાવવાનો છે. રિલાયન્સ ફાઉન્ડેશન તેના કાર્યક્રમો દ્વારા ૨૨.૯ મિલિયનથી વધુ બાળકો અને યુવાનો સુધી પહોંચતા ભારતના રમતગમતના વિકાસને આગળ ધપાવે છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન સાથે લાંબા ગાળાની ભાગીદારીના ભાગરૂપે, રિલાયન્સ ફાઉન્ડેશન આ ઉનાળામાં પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં પ્રથમવાર ઈન્ડિયા હાઉસ ખોલી રહ્યું છે. ઈન્ડિયા હાઉસ એથ્લેટ્સ માટે "ઘરથી દૂર ઘર" તરીકે સેવા આપશે, જીતની ઉજવણી કરશે અને વિશ્વ સાથે ભારતની ઓલિમ્પિક યાત્રા શેર કરશે.

## અમદાવાદ ગ્રામ્યની શાળાઓમાં ઉજવાયો 'આચાર્ય વંદના' કાર્યક્રમ





ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે. શાળાના વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન થાય તેમજ ગુરુ-શિષ્ય પરંપરા પ્રત્યે આદર કેળવાય, તે ઉમદા હેતુસર અમદાવાદ ગ્રામ્યની શાળાઓમાં સાત દિવસીય ગુરુ પૂર્ણિમા મહોત્સવની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણીના ભાગરૂપે IMCTF, અમદાવાદ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ જિલ્લાની શાળાઓમાં 'આચાર્ય વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણયનગરની આત્મીય વિદ્યાનિકેતન સ્કૂલ ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં વિવિધ કલાઓ સાથે સંકળાયેલા ૬૪ કલાઓના ગુરુઓનું પૂજન અને ગુરુવંદના કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત વિશાળ સૂર્ય આકારની અદભુત રંગોળીના સ્વરૂપે કલા ગુરુઓ તથા તેમના શિષ્યો બિરાજમાન થયા હતા અને ગુરુઓનું તેમના શિષ્યો દ્વારા પૂજન અને વંદના કરવામાં આવી હતી. જિલ્લાની શાળાઓના ૧ લાખ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો વેબિનારના માધ્યમથી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત, જિલ્લાની શાળાઓમાં પણ 'આચાર્ય વંદના' કાર્યક્રમ યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, નૃત્ય, વાદ્ય, ગાન વિદ્યા, નાટ્યકળા, જાદુગર કળા, માટીના વાસણો/યંત્રો બનાવવા, સાંકેતિક ભાષા લખવાની વિદ્યા, ગાલીચા સાલ વગેરે બનાવનાર કળા, નાટક લખવાની કળા, જુદી જુદી ખાવાની ચીજો બનાવવાની કળા, કપડા બનાવવાની કળા, ઘરેણાં બનાવવાની કળા, પ્રતિમા બનાવવી, સોયથી કામ લેવાની કળા, ચિત્ર કળા, જડીબુટ્ટી અને ઔષધિ બનાવવાની કળા, કઠપૂતળી બનાવવાની કળા, સોનું - ચાંદી વગેરે ઘડવાની કળા, મણિઓના રંગને ઓળખવાની કળા સહિતની કુલ ૬૪ જેટલી કલાઓના કલાગુરુઓનું પૂજન, સન્માન અને ગુરુવંદના આ પ્રસંગે કરવામાં આવી હતી.

બોર્ડના પૂર્વ ચેરમેન શ્રી એ.જે. શાહ, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી સુશ્રી કૃપાબહેન ઝા, સિનિયર એડવોકેટ શ્રી અરુણભાઈ ઓઝા, ગૌરવ પુરસ્કાર વિજેતા નાટ્યકાર શ્રી મનીષભાઈ પાટડિયા, સાવિત્રીબાઈ ફૂલે એવોર્ડ વિજેતા નૃત્યકાર શ્રી શીતલબહેન મકવાણા, રંગમંચ કલાકાર અને નિર્દેશક શ્રી રાજુભાઈ બારોટ આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

---

**શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી, એટલે નિંદા સહન કરી પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે**

# જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારા બાપુ મને વઢશે બધી વિનવણી વ્યર્થ ગઈ, ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ.**

ગુજરાતમાં લગભગ તાલુકાઓમાં અષાઢી વરસાદી માહોલ ઓછા વધતા પ્રમાણમાં જામ્યો છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હૃદય મનનો ભાર હળવો કરવા પ્રયત્ન કરીએ છીએ તો આજે જોઈએ.એક દિવસ નામદેવના પિતાશ્રીને બહારગામ જવાનું થયું. નામદેવની ઉંમર તે વખતે નાની.ઘરમાં દેવ પૂજા હતી. પૂજાનું કામ નામ દેવને સોંપ્યું. બીજે દિવસે નામદેવ ઠાકોર જીને દૂધનો પ્રસાદ-ભોગ ધરાવે છે. ભગવાન દૂધ પીતા નથી નામદેવ બહુ કાલા વાલા કરે છે. રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારા બાપુ મને વઢશે બધી વિનવણી વ્યર્થ ગઈ, ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ. જ્યાં નામદેવ માથું પછાડવા તૈયાર થયા, ત્યાં ભગવાન પ્રગટ થયા ભગવાને દૂધનો કટોરો લીધો અને દૂધ પીવા લાગ્યા.ત્યાં નામદેવ ને લાગ્યું કે, વિઠ્ઠલ તો બધું પી જવાના એટલે તે બૂમ પાડીઊઠ્યો વિઠ્ઠલ બધું દૂધ ના પી જતો. મારા માટે રાખ.બાપુ તો મને રોજ પ્રસાદ આપે છે. નામદેવના પ્રેમથી વિઠ્ઠલ નાથ ખુશ થયા. નામદેવને ગોદમાં લીધો અને દૂધ પાયું.

રામજીની દરેક મર્યાદાનું હનુમાન જી ગદા મારીને પાછા કાઢે. રામજી રાજાધિરાજ છે.તેમનાં દર્શન રાત્રે બાર વાગ્યા શકે. કનૈયો કહે છે, મારા દરબારમાં તો ગોપી બનવું પડશે.જેની અપેક્ષા બહુ ઓછી હોય છે તે અતિ ઉદાર થઈ શકે છે.

એક વખતે કુબેર ભંડારી શિવજીને પૂછે છે, હું તમારી શું સેવા કરું? ત્યારે શિવજી કહે કે,માર જેમ નારાયણ નારાયણ કર!પણ માતા જીએ કુબેરને કહ્યું,મારા માટે સોના નો બંગલો બાંધ.કુબેરે સુવર્ણનો મહેલ બાંધ્યો. વાસ્તુ પૂજા કર્યા વગર તો બંગલામાં જવાય નહીં. એટલે રાવણને વાસ્તુપૂજા કરાવવા બોલાવ્યો અને રાવણે વાસ્તુપૂજા કરાવી.પછી શિવજી એ રાવણને કહ્યું, માગ માગ. માગે તે આપું! રાવણે કહ્યું, આ તમારો મહેલ મને આપી દો. માગનારને ન આપવું એ મરણ સમાન છે. શિવજીએ બંગલો રાવણને આપી દીધો. પછી રાવણ કહે, મહારાજ, બંગલો સુંદરઆપ્યો હવેઆ પાર્વતી આપો. શિવજી કહે તને જરૂર હોય તો તું લઈ જા.

જગતમાં આવો દાનવીર થયો નથી રાવણ માતાજીને ખભે બેસાડીલઈ જાય છે. પાર્વતીજીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું. શ્રીકૃષ્ણ ગોવાળ થઈ રસ્તામાં આવ્યા. રાવણને પૂછે છે, આ કોને લઈ જાય છે? રાવણ કહે છે, શંકર ભગવાને મને પાર્વતી દઈ દીધી છે.

શ્રીકૃષ્ણ કહે, તું કેવો ભોળો છે! પાર્વતી કદી આપતા હશે? અસલ પાર્વતીને તો પાતાળમાં સંતાડી રાખી છે. આ તો તને પાર્વતીની દાસી આપી.

દક્ષ કહે છે, શિવ સ્વૈરચારી છે તથા ગુણહીન છે. પ્રકૃતિના કોઈ પણ ગુણ શિવજીમાં નહીં હોવાથી શિવ નિર્ગુણ બ્રહ્મ છે. વિધિનિષેધથી પર પરમાત્મા છે. શાસ્ત્રની પ્રવૃત્તિ,વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે, શિવજી માટે નથી.

દક્ષ પ્રજાપતિ કહે છે, આજથી કોઈ યજ્ઞમાં બીજા દેવો શિવજીને આહુતિ (ભાગ)આપવામાં આવશે નહીં. હાસ્તો,બીજા દેવોની સરખામણીમાં શિવજીને મૂકાય જ કેમ? શિવજી તો દેવોના દેવ મહાદેવ છે. ઈતર દેવો પહેલાં શિવજીને આહુતિ આપવામાં આવશે અને યજ્ઞમાં જેટલું વધે તેટલું સમાપ્તિમાં શિવજીને આપવામાં આવશે.

શંકર-પાર્વતીના લગ્ન વખતની વાત છે. લગ્ન વખતે ત્રણ પેઢીનું વર્ણન કરવાનું હોય છે. શિવજીને પૂછવા માં આવ્ય, તમારા પિતાનું નામ બતાવો. શિવજી વિચારમાં પડી ગયા મારા પિતા કોણ? મહારુદ્ર શિવનો જન્મ નથી. નારદજીએ શિવજીને કહ્યું,બોલો ને, પિતા બ્રહ્મા! શિવ કહે, બ્રહ્મા! પછી પૂછવામાં આવે છે, દાદા કોણ તો કહે વિષ્ણુ દાદા!પછી પ્રશ્ન થયો વડદાદા કોણ? હવે કોનું નામ દેવું? ફટ દઈને શિવજી બોલ્યા, હું જ સર્વનો વડદાદો છું.

શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી, એટલે નિંદા સહન કરી. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે એ મહાપુરુષ, એ સંત. જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે. બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે. કલહ વધારે એ વૈષ્ણવ નહીં. એટલે શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી.

સભામાં નંદિકેશ્વર વિરજેલા હતા. નંદિકેશ્વરથી આ સહન થયું નહીં. નંદિકેશ્વરે દક્ષને ત્રણ શ્રાપ આપ્યા છે.જે મુખથી શિવજીની નિંદા કરી છે,તેથી તારું માથું તૂટી પડશે. તને બકરાનું માથું ચોંટાડવામાં આવશે તને કોઈ દિવસ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થશે નહીં. શિવ નિંદા કરનારને મુક્તિ મળી નથી. શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી. પછી શિવજી કૈલાસ આવ્યા. તેમણે મનમાં કાંઈ રાખેલું નહીં. સતીને પણ કાંઈ કહ્યું નહીં.તે પછી દક્ષ પ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં યજ્ઞનો આરંભ કર્યો.કહે કે, મારા યજ્ઞમાં હું વિષ્ણુની પૂજા કરીશ પણ શિવજીની નહીં કરું. દેવોએ કહ્યુંકે,તારો યજ્ઞ સફળથશે નહીં. છતાં દુરાગ્રહથી દક્ષે યજ્ઞ કર્યો.જે યજ્ઞમાં શિવપૂજા નથી ત્યાં ભગવાન વિષ્ણુ પધારતા નથી. બ્રહ્મા-દધિચિ પણ યજ્ઞમાં ગયા નથી. કેટલાક દેવો કલહ જોવાની મજા પડશે એ આશાએ નીકળ્યા છે. તેમને જતા જોઈ સતીએ પૂછ્યું તો ખબર પડી કે, એ બધા એના પિતાના યજ્ઞમાં જાય છે.દક્ષે દ્વેષ બુદ્ધિથી શિવજીને આમંત્રણ આપેલું નહીં.સતી જાણતાં નથી કે મારા પતિ અને પિતા વચ્ચે અણ બનાવ છે.સતીને પિતાને ત્યાં જવાનું મન થયું.

શિવજી કહે છે કે, તારા પિતાએ મને યજ્ઞનું નિમંત્રણ આપ્યું નથી અને મારું અપમાન કર્યું છે. તેથી ત્યાં જવામાં સાર નથી પણ સતી પિયર જવાની હઠ છોડતાં નથી. શિવજી કહે છે કે, ત્યાં જવાથી તમારું અપમાન થશે. તમે અપમાન સહન નહીં સહી શકો ને અનર્થ થશે પણ સતીએ માન્યું નહીં. તેણે વિચાર્યું કે,હું યજ્ઞમાં જઈને પિતા-પતિમાં વેર ઉત્પન્ન થયું છે તેની શાંતિ કરીશ. સતીને જવા તૈયાર થયેલાં જોઈ શિવજીએ શિવગણો ને આજ્ઞા કરી કે, તમે પણ સાથે જાવ.સતી યજ્ઞ મંડપમાં આવે છે. સૌ તેને માન આપે છે. ઋષિઓ સહિત સૌ તેમને માન આપે છે તેથી તેમને સંતોષ થયો નહીં. આદ્ય શક્તિ જગદંબા આજે પિતા દક્ષને વંદન કરે છે.પિતા દક્ષ મુખ ફેરવી લે છે. સતી ફરીથી પ્રણામ કરે છે. સતીને જોતાં દક્ષને ક્રોધ થયો. નિમંત્રણ વગર આ કેમ અહીં આવી હશે ?દક્ષ દક્ષ નથી પણ અદક્ષ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે અષાઢી માહોલ સર્વત્ર જામ્યો છે ચાંદીપુરા વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે આ વરસાદી માહોલમાં કાદવ કીચડ ગંદકી માખી મચ્છર ન થાય તેવા પ્રયત્નો સૌ કરીએ. બાળકોની યોગ્ય કાળજી રાખવી જરૂરી છે.અસ્તુ.

---

**પ્રાકૃતિક પદ્ધતિથી હળદર અને વરિયાળીના વાવેતર અને મૂલ્યવર્ધન થકી પિતા-પુત્રની બેલડીએ આદરી નવીન પહેલ**

# નિવૃત્ત શિક્ષક દયાળજીભાઈ અને તેમના પુત્ર મેહુલભાઇએ પ્રાકૃતિક પદ્ધતિથી હળદર, લીંબુ, જામફળ, તુવેર, વરિયાળી, ચણા અને વિવિધ બાગાયતી પાકોની કરી ખેતી



અમદાવાદના માંડલ તાલુકાના નાના ઉભાડા ગામના રહેવાસી અને નિવૃત્ત શિક્ષક એવા દયાળજીભાઈ પટેલ અને તેમના પુત્ર મેહુલભાઈએ પ્રાકૃતિક પદ્ધતિથી હળદર અને વરિયાળીના વાવેતર અને મૂલ્યવર્ધન થકી નવીન પહેલ આદરી છે.

પ્રાકૃતિક ખેતી થકી હળદર સહિત અન્ય પાકો થકી પિતા-પુત્રની જોડી વાર્ષિક રૂપિયા ૬-૭ લાખનો ચોખ્ખો નફો કમાય છે. છેલ્લા પાંચ વર્ષમાં તેમણે પ્રાકૃતિક ખેતી થકી રૂ. ૨૦થી ૨૫ લાખનો ચોખ્ખો નફો મેળવ્યો છે.

આ પિતા-પુત્રની બેલડી પોતાની ૮-૯ વીઘા જમીનમાં છેલ્લાં ૫ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. આ ખેતીએ તેમની માટે આર્થિક સમૃદ્ધિનાં દ્વારા ખોલી આપ્યાં છે. એટલું જ નહીં, આજે તેમની આ ખેતી અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણાદાયી સાબિત થઈ રહી છે. આ વર્ષે તેમણે દોઢ વીધા જમીનમાં હળદરના વાવેતર થકી ૧૪૦૦ કિલો પાઉડર તૈયાર કરી રૂ. ૫ લાખની ચોખ્ખી કમાણી કરી છે. રાસાયણિક ખેતી ત્યજી પ્રાકૃતિકખેતીઅપનાવનારદયાળજીભાઈ પટેલ કહે છે, પ્રાકૃતિક કૃષિનો સૌથી મોટો ફાયદો જમીન સુધારણા છે. પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત થતી હળદર ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોય છે. વિવિધ આયામો અને અર્ક અમે જાતે જ બનાવીને ખેતી કરીએ છીએ. હળદરના મૂલ્યવર્ધન સહિત પાણીની સુવિધા ઊભી કરવા માટે અમને બાગાયત વિભાગની સહાય મળી છે. આ ઉપરાંત, વિવિધ બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ અંગે અમને બાગાયત વિભાગ દ્વારા માર્ગદર્શન મળી રહે છે.

દયાળજીભાઈ અને મેહુલભાઈએ પ્રથમ વર્ષે પ્રાકૃતિક ખેતીની શરૂઆત તુવેર થકી કરી હતી. શરૂઆતમાં જમીન સુધારણા સાથે ઓછા ઉત્પાદન બાદ સમય સાથે તેમનું ઉત્પાદન અને પાકની ગુણવત્તા બંનેમાં અનેકગણો સુધારો જોવા મળ્યો. જેના લીધે શરૂઆતના વર્ષોમાં ઓછી આવક બાદ તેમની આવક સારા એવા પ્રમાણમાં વધવા લાગી. હળદર સિવાય વરિયાળી, ચણા, મેથીના ઉત્પાદન થકી પણ તેમને સારી આવક થઈ છે. બાગાયતમાં જામફળ, અંજીર, આંબા, નારંગી, સિતાફળ, પપૈયા, સફરજન, લીંબુ જેવા પાકો પણ તેઓ લઈ રહ્યા છે. દયાળજીભાઈની સારી આવક અને ઉત્પાદન જોઈને આસપાસના ગામના ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે.

દયાળજીભાઈ પાસે એક દેશી ગાય છે. તેઓ ગૌમૂત્ર તેમજ ગોબરમાંથી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અગ્નિસ્ત્ર તેમજ દસ પર્ણી અર્ક અને ફૂગનાશક દેશી ગાયની છાશનો ઉપયોગ કરે છે. તેઓ ખેતરમાં રહેલા નિંદામણ કે કચરાને આચ્છાદન તરીકે ઉપયોગ કરે છે, જેથી જમીન પોચી બને છે અને જમીનમાં અળસિયાનું પ્રમાણ વધે છે. એટલું જ નહીં, જમીનની ભેજ સંગ્રહશક્તિ પણ વધે છે. આમ, પાકૃતિક ખેતી દ્વારા થતી ખેતપેદાશોનું મૂલ્યવર્ધન કરીને તેઓ જાતે જ માર્કેટિંગ કરીને વેચાણ કરે છે.

---

**ખેડૂતો માટેની જમીન કુંડળી એટલે 'સોઈલ હેલ્થ કાર્ડ'**

# આજે જાણીએ 'સોઈલ હેલ્થ કાર્ડ'ની ઉપયોગિતા અને ફાયદા



પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની તાતી જરૂરિયાત છે. જો જમીનનું સ્વાસ્થ્ય તંદુરસ્ત હશે તો, માનવ સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહેશે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવાન બનાવવા રાજ્ય સરકાર કાર્યરત છે.

પાક ઉત્પાદન માટે સૌથી મહત્ત્વનું કુદરતી માધ્યમ એટલે જમીન અને માટી. જે ભૌતિક આધાર આપવાની સાથે પાકના વૃદ્ધિ-વિકાસ માટે જરૂરી પોષક તત્ત્વો પૂરા પાડે છે. ઉત્પાદન પ્રક્રિયામાં પોષક તત્ત્વોનું યોગદાન ૪૧થી ૪૫% છે, જે તેની અગત્યતા- આવશ્યકતા દર્શાવે છે. જો જમીનનું સ્વાસ્થ્ય સારું હશે તો જ પાકનું ઉત્પાદન વધુ અને ગુણવત્તાયુક્ત મળશે. જમીનની તાસીર જાણીએ તો જ ખૂટતાં પોષક તત્ત્વોની ખબર પડે અને ખૂટતા તત્ત્વો ખાતર સ્વરૂપે આપી શકાય.

જેના માટે સરકારે રાજ્યના ખેડૂતોને 'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' એટલે કે 'સોઈલ હેલ્થ કાર્ડ' આપવાનું અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત દરેક ગામના જુદા જુદા ભાગોમાંથી જમીનના નમૂનાઓ લઈ પૃથક્કરણ કરવામાં આવી રહ્યા છે. નમૂનાઓનું યોગ્ય પરીક્ષણ કરી ખેડૂતોને 'સોઈલ હેલ્થ કાર્ડ' આપવામાં આવે છે.

'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' અથવા 'સોઈલ હેલ્થ કાર્ડ' એટલે શું?

સોઈલ હેલ્થ કાર્ડ એટલે ખેડૂતોની જમીન કુંડળી. આ કાર્ડના માધ્યમથી ધરતીપુત્રોને જમીનનો પ્રકાર, જમીનમાં લભ્ય પોષકતત્ત્વો, જમીનની ફળદ્રુપતા, જમીનમાં ખારાશ સહિતની વિગતો મળી રહે છે. એટલે ટૂંકમાં જમીનની તંદુરસ્તીનો મેડિકલ રિપોર્ટ એટલે 'સોઈલ હેલ્થ કાર્ડ'. જેના થકી ખેડૂત તેને મળેલા કાર્ડને આધારે યોગ્ય સારવાર આપી જમીનની ટકાઉ ઉત્પાદકતા જાળવી શકે છે.

જમીનની તંદુરસ્તી તપાસવા માટે ૧૨ પેરામીટર હોય છે. આમાં N, P, K (મેક્રો પોષક તત્ત્વો), S (ગૌણ પોષક); Zn, Fe, Cu, Mn, Bo (સૂક્ષ્મ પોષકતત્ત્વો); અને PH,EC,OC (ભૌતિક પેરામીટર) રાખવામાં આવે છે. આ તમામ માપદંડોની માહિતી સોઈલ હેલ્થ કાર્ડમાં લખેલી છે એટલે કે, જમીનમાં કયા તત્ત્વની ઊણપ છે, કયું તત્ત્વ વધુ છે. ખાતર-ખાતરનો કેટલો ઉપયોગ થાય છે, ઊણપ કેવી રીતે પૂરી થશે વગેરે. જેથી આ 'સોઈલ હેલ્થ કાર્ડ' ધરતીપુત્રોને ખેતી માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

**સોઈલ હેલ્થ કાર્ડની ઉપયોગિતા**

- જમીનમાં લભ્ય પોષકતત્ત્વોના પ્રમાણ ઉપરથી પાકને જરૂરી પોષકતત્ત્વો ખાતરરૂપે આપવાનો ખ્યાલ આવે છે. કયાં પાકમાં કેટલું ખાતર? કયારે? અને કેવી રીતે આપવું? તેની સચોટ ગણતરી થઈ શકે છે. તદુપરાંત સોઈલ હેલ્થ કાર્ડના આધારે જમીનમાં ક્યાં-ક્યાં પાક વધુ ફાયદાકારક છે, તે પણ જાણી શકાય છે.
- સોઈલ હેલ્થ કાર્ડના અવલોકનથી જમીનની ઉત્પાદકતાનો પણ ખ્યાલ આવતો હોવાથી, આવી જમીનોના પાક ઉત્પાદનના અંદાજ પણ મેળવી શકાય છે. જમીન ચકાસણીની પ્રક્રિયાથી જમીનની ફળદ્રુપતામાં સમયાંતરે ફેરફારો થતા હોવાથી જાળવણીની કાર્યપ્રણાલી પણ ઘટાડી શકાય છે. ખાતરોના બિનજરૂરી વધુ વપરાશને રોકીને તથા આવશ્યક પોષક તત્ત્વો જ ઉમેરવાના થતાં હોવાથી જમીનની ઉત્પાદકતાને લાંબો સમય જાળવી શકાય છે. પરિણામે કૃષિ ખર્ચમાં પણ ઘટાડો થતા આવકની વૃદ્ધિ થાય છે.
- સોઈલ હેલ્થ કાર્ડ ઉપરથી જમીનની ખારાશનો અંદાજ આવવાથી તે પ્રમાણે ખારાશ પ્રતિરોધક પાકો, પાકની જાતો તથા જમીન સુધારકોની ઉપયોગની વિગતો પણ ખેતર દીઠ આપી શકાય છે. સોઈલ હેલ્થ કાર્ડ ઉપરથી અપાતી વિગતો જે તે ખેડૂતને વ્યકિતગત રીતે ઉપયોગી હોવાથી તે સચોટ અને કાર્યક્ષમ સાબિત થાય છે.

**સોઈલ હેલ્થ કાર્ડના ફાયદા**

- ખેડૂતો તેમની જમીનમાંથી લભ્ય તત્ત્વોની માત્રા જાણી શકે છે.
- જમીનને અનુરૂપ પાકનું આયોજન કરી શકે છે.
- બિનજરૂરી ખર્ચમાંથી બચી ખેતીને વધુ નફાકારક બનાવી શકાશે.
- પાક ઉત્પાદનનો અંદાજ મેળવી શકાશે.
- સંકલિત ખાતર વ્યવસ્થા કરવાથી જમીનમાંથી સેન્દ્રીય તત્વોનો ઘટાડો અટકાવી શકાય છે.

# 'આલિયા બાસુ ગાયબ હૈ'નું ફર્સ્ટ લુક પોસ્ટર રિલીઝ કરીને ચાહકોને ખુશ કર્યા

**છેલ્લાં બે વર્ષોમાં, રોમેન્ટિક ડ્રામા અને એક્શનથી ભરપૂર ફિલ્મોએ સ્ક્રીન પર પ્રભુત્વ જમાવ્યું છે**

છેલ્લાં બે વર્ષોમાં, રોમેન્ટિક ડ્રામા અને એક્શનથી ભરપૂર ફિલ્મોએ સ્ક્રીન પર પ્રભુત્વ જમાવ્યું છે, જેના કારણે થ્રિલરના ચાહકો વધુ રોમાંચક અનુભવો શોધી રહ્યા છે. એવું લાગે છે કે તેમની રાહ આખરે પૂરી થઈ ગઈ છે. આજે, રિહેબ પિક્ચર્સે 'આલિયા પોસ્ટર રિલીઝ કરીને ચાહકોને ખુશ કર્યા. વિનય પાઠક, રાયમા સેન અને સલીમ દીવાન જેવા મહાન કલાકારોને ચમકાવતી આ ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી વધુ ટ્વિસ્ટેડ અને મનોરંજક થ્રિલર બનવા જઈ રહી છે, જે ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રિલીઝ થશે.હવે ઉપલબ્ધ ફર્સ્ટ લૂક પોસ્ટર મુખ્ય કલાકારોને બતાવે છે અને ખામીયુક્ત પાત્રો અને તેમની સ્વાથી ઈચ્છાઓ પર આધારિત રોમાંચક રોમાંચકનું વચન આપે છે. ત્વરિત ધ્યાન ખેંચતા, પોસ્ટરે બહુપ્રતિક્ષિત ફિલ્મ માટે સંપૂર્ણ સ્ટેજ સેટ કર્યું છે, જેનું ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થવાનું છે. નિર્માતા ડૉ. સત્તાર દીવાન તેમની ઉત્તેજના શેર કરતાં કહે છે, "એક નિર્માતા અને ફિલ્મ નિર્માતા તરીકે મારો એકમાત્ર ઉદ્દેશ્ય દર્શકોનું મનોરંજન કરવાનો છે 'આલિયા બાસુ ગયાબ હૈ' સાથે હું બહુમુખી પ્રતિભા ધરાવતી અભિનેત્રી રાયમા સેન સાથે




ફરી મળી રહ્યો છું અને તે માટે મજબૂત અભિનેતા વિનય પાઠક સાથે પણ કામ કરી રહ્યો છું.પ્રથમ વખત, ત્રણેય કલાકારોએ ફિલ્મમાં અદ્ભુત કામ કર્યું છે અને અમે રીહેબ પિક્ચર્સમાં મોટા પડદા માટે વિશેષ બનાવવા માટે લેખક અને દિગ્દર્શક સાથે મળીને એક આકર્ષક અનુભવ બનાવ્યો છે જે આઘાતજનક ટ્વિસ્ટ અને વળાંક આપે છે. ''નિર્માતા જોનુ રાણાએ આ લાગણીનો પડઘો પાડતા કહ્યું, "અમે 'આલિયા બાસુ ગયાબ હૈ'ને દર્શકો માટે મનોરંજક અને રોમાંચક બનાવવા માટે કોઈ કસર છોડી નથી, અમે એવા ટ્વિસ્ટ અને ટર્નની ખાતરી આપીએ છીએ જે અપેક્ષાઓ કરતાં વધી જશે.'' દિગ્દર્શક પ્રીતિ સિંઘ, જેમણે અગાઉ એક ટૂંકી ફિલ્મ "ધ લવર્સ"નું દિગ્દર્શન કર્યું હતું, તેણે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું, "'આલિયા બાસુ ગાયબ હૈ' મારી પ્રથમ ફીચર ફિલ્મ છે જે તેને મારા માટે ખૂબ જ ખાસ પ્રોજેક્ટ બનાવે છે. એક દિગ્દર્શક તરીકે, મેં હંમેશા મોટા પડદાના દર્શકો માટે આવી ફિલ્મ બનાવવાનું સપનું જોયું છે. અદ્ભુત ટીમ અને મુખ્ય કલાકારોનો આભાર, અમે આખરે તમારા માટે આ સિઝનની સૌથી રોમાંચક ફિલ્મ લાવી રહ્યાં છીએ. આ ફિલ્મને જે અલગ બનાવે છે તે તેનું લેખન છે, જે તેને ખરેખર વર્ષની 'સૌથી ઉત્તેજક ફિલ્મ' બનાવે છે. મને ખાતરી છે કે પ્રેક્ષકોને તે જોવામાં એટલી જ મજા આવશે જેટલી અમને તેને બનાવવામાં આવી હતી. ડૉ. સત્તાર દીવાન, જોનુ રાણા અને ડીજે ઝવેર દ્વારા નિર્મિત અને પ્રીતિ સિંહ દ્વારા દિગ્દર્શિત, 'આલિયા બાસુ ગાયબ હૈ' ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# વિકીએ કેવી રીતે પોતાને માર ખાવાથી બચાવ્યો?

**જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા એટલું જ નહીં, તેની ધરપકડ પણ થઈ શકી હોત**



વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. બોલિવૂડ એક્ટર વિકી કૌશલ આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની સફળતાનો આનંદ માણી રહ્યો છે. અભિનેતાએ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ વિકીએ તેની કારકિર્દીની શરૂઆત આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરી હતી. અનુરાગ કશ્યપની ગેંગ્સ ઓફ વાસેપુરના શૂટિંગ દરમિયાન તેને માર મારવામાં આવ્યો હતો. વિકીએ પોતે આ સ્ટોરી શેર કરી છે. વિકીએ જણાવ્યું કે કેવી રીતે જમીન માફિયાઓને ગેરસમજ થઈ અને તેઓ તેને મારવા જઈ રહ્યા હતા. એટલું જ નહીં, વિક્કીની ધરપકડ પણ થઈ શકી હોત. આ ઘટના ત્યારે બની જ્યારે બનારસમાં ફિલ્મના ગેરકાયદે રેતી ખનન સીનનું શૂટિંગ ચાલી રહ્યું હતું. વિકીએ તન્મય ભટ્ટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું- ફિલ્મમાં બતાવવામાં આવેલ કોલસાની દાણચોરી સાચી હતી. અમે તેને ગોળી મારી. અમે ગેરકાયદે રેતી ખનનનું સ્થળ કબજે કરવા ગયા હતા ત્યારે એક ઘટના બની હતી. મને આશ્ચર્ય થયું કારણ કે પછી મને પહેલીવાર સમજાયું કે તે એટલું ખુલ્લેઆમ થાય છે કે તમે વિચાર પણ નહીં કરો કે તે વાસ્તવમાં હેરફેર છે. તમે વિચારશો કે આ એક સારી રીતે ચાલતો ધંધો છે કારણ કે ત્યાં માત્ર બે ટ્રક પાર્ક ન હતી, ત્યાં ૫૦૦ ટ્રક પાર્ક હતી. વિકીએ વધુમાં જણાવ્યું કે જ્યારે તે ફિલ્મ કરી રહ્યો હતો ત્યારે ૫૦૦ લોકોએ તેને ઘેરી લીધો હતો. તેણે કહ્યું - કેમેરા એટેન્ડન્ટ એક વૃદ્ધ માણસ હતો, જેની ઉંમર ૫૦ થી વધુ હતી. માણસે યુનિટને ફોન કર્યો અને કહ્યું કે કેમેરા સમયસર નહીં આવે કારણ કે અમે અહીં થોડી મુશ્કેલીમાં છીએ. ફોન પર તેની વાત સાંભળ્યા બાદ ત્યાં હાજર વ્યક્તિને લાગ્યું કે તે કોઈ પ્રભાવશાળી વ્યક્તિને ફોન કરી રહ્યો છે. તે વ્યક્તિએ કેમેરામેનને થપ્પડ મારી, તેની પાસેથી કેમેરો છીનવી લીધો અને અમને ધમકી આપી કે તે કેમેરા તોડી નાખશે. અમને બંને મારવાના હતા, પણ કોઈક રીતે અમે બચી ગયા.

**વિકીએ જણાવ્યું છે કે કેવી રીતે તેણે ગેંગ્સ ઓફ વાસેપુરના શૂટિંગ દરમિયાન ધરપકડ ટાળી હતી**

# છુટાછેડા વધવા માટે રણવીર શૌરી નારીવાદને માને છે મુખ્ય કારણ?

**જ્યારથી શો બિગ બોસ ઓટીટી ૩ શરૂ થયો છે, ત્યારથી તેના કન્ટેસ્ટન્ટ એક યા બીજા કારણોસર લાઈમલાઈટમાં રહે છે**

જ્યારથી શો બિગ બોસ ઓટીટી ૩ શરૂ થયો છે, ત્યારથી તેના કન્ટેસ્ટન્ટ એક યા બીજા કારણોસર લાઈમલાઈટમાં રહે છે. અનિલ કપૂર દ્વારા હોસ્ટ કરવામાં આવેલા આ શોમાં દરરોજ કોઈને કોઈ સ્પર્ધક વચ્ચે શબ્દોનું યુદ્ધ જોવા મળી રહ્યું છે. હવે, શોમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી પણ થઈ ગઈ છે, જેના પછી સ્પર્ધકો ઉત્સાહમાં છે. હવે શોના તાજેતરના એપિસોડમાં, રણવીર શૌરી ફરી એકવાર તેના છૂટાછેડા વિશે વાત કરતો જોવા મળ્યો છે.રણવીર શૌરી 'બિગ બોસ ઓટીટી ૩' ઘરમાં સૌથી મજબૂત સ્પર્ધક તરીકે ઉભરી આવ્યો છે. જ્યારે રણવીરને શોમાં લગભગ તમામ ઘરના સભ્યો દ્વારા આદર આપવામાં આવે છે, ત્યારે કેટલાક સ્પર્ધકોએ તેને તેના અંગત જીવન, કોંકણા સેન શર્માથી અલગ થવા અને તેના વિશે વારંવાર પ્રશ્નો કર્યા છે. શોના તાજેતરના એપિસોડમાં ફરી એકવાર એવું જ બન્યું, જ્યાં નેઝી કોંકણા સાથેના છૂટાછેડા વિશે રણવીરને પ્રશ્ન કરતો જોવા મળી રહ્યો છે. તેણે રણવીરને કહ્યું ઈન્ડસ્ટ્રીમાં છૂટાછેડા કેમ વધવા લાગ્યા છે. નેઝીને જવાબ આપતાં રણવીરે તેને કહ્યું કે આ માત્ર ઈન્ડસ્ટ્રીમાં જ નથી પરંતુ દરેક જગ્યાએ છે. રણવીર વિચારોમાં પરિવર્તન અને નારીવાદી ચળવળમાં થયેલા વધારાને પણ આનું કારણ માને છે. રણવીર કહે છે, "તેનો ઈન્ડસ્ટ્રી સાથે કોઈ લેવાદેવા નથી, દુનિયાના સમય સાથે તેને કોઈ લેવાદેવા નથી.'' આ નારીવાદી ચળવળનો ક્યારેક દુરુપયોગ થાય છે. કેટલીકવાર પુરુષો તેને સહન કરી શકતા નથી, તો કેટલીકવાર સ્ત્રીઓ તેનો દુરુપયોગ પણ કરે છે. રણવીર પછી કહે છે, "તેથી તેને ઈન્ડસ્ટ્રી સાથે કોઈ લેવાદેવા નથી, તે દરેક જગ્યાએ છે. નારીવાદી ચળવળ પણ મહત્વપૂર્ણ છે. મારા મત મુજબ, ઈતિહાસમાં મહિલાઓને મળેલી ખોટી ટ્રિટમેન્ટ મળી છે તેનું એક જ કારણ છે. એ હતુ કે પહેલા સ્ત્રીઓ પુરુષો કરતાં શારીરિક રીતે નબળી હોય તેમ માનવામાં આવતુ હતુ, ફક્ત આ કારણે.



**ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ થયું હતું**

# મને મારવા માગતો હતો લોરેન્સ

૧૪ એપ્રિલે સવારે સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ થયું હતું. આ ઘટનાએ સમગ્ર ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડના ચાહકોને ચોંકાવી દીધા હતા. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ આ મામલે સતત તપાસ કરી રહી છે. તેના ઘરની બહાર બે બાઈક સવારો આવ્યા હતા અને થોડા રાઉન્ડ ફાયરિંગ કરીને ત્યાંથી ભાગી ગયા હતા.બાદમાં મુંબઈ પોલીસે આ આરોપીઓની ધરપકડ કરી હતી. વાસ્તવમાં વર્ષો પહેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપી હતી. આ કેસ પછી સલમાન ખાન પોતાના કામ પર પાછો ફર્યો. આ મામલે અનેક અપડેટ્સ પણ સતત સામે આવી રહ્યા છે. આ દરમિયાન સુપરસ્ટાર સલમાન ખાને પોલીસને આપેલું નિવેદન સામે આવ્યું છે. ખરેખર, એક મીડિયા અહેવાલમાં સલમાન ખાનનું નિવેદન મળ્યું છે. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે તેના ઘરની બહાર ફાયરિંગ કરવાના કેસમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં સલમાન ખાનનું નિવેદન પણ સામેલ હતું, જે તેણે આ ફાયરિંગ બાદ પોલીસને આપ્યું હતું. તે ઘટના સમયે સલમાન ખાન ક્યાં હતો, કંઈ થયું હતું? તેમણે જણાવ્યું છે. રિપોર્ટ અનુસાર, આ મહિનાની શરૂઆતમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ૧,૭૩૫ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. આ નિવેદન મીડિયા અહેવાલ અનુસાર છે. જેમાં જણાવ્યું છે કે, સલમાન ખાને પોતાના નિવેદનમાં ખુલાસો કર્યો કે કેવી રીતે તેણે પોતાના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં ગોળીનો અવાજ સાંભળ્યો હતો. તેઓ કહે છે કે ઘરમાં ફટાકડા જેવો અવાજ સંભળાયો હતો. પરંતુ સવારે લગભગ ૪.૫૫ વાગે તેના ગાર્ડે તેને સમગ્ર ઘટના વિશે જણાવ્યું. વધુમાં પોતાના નિવેદનમાં સલમાન ખાને કહ્યું કે આ પહેલીવાર નથી જ્યારે બિશ્નોઈ ગેંગે તેને અને તેના પરિવારને નિશાન બનાવ્યો હોય.



# શું વિરાટ-અનુષ્કા લંડન શિફ્ટ?

અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી, જેને 'વિરુસ્કા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બોલિવૂડ અને ક્રિકેટના સૌથી ફેવરિટ કપલ્સમાંથી એક છે. તાજેતરમાં, લંડન શિફ્ટ થવાની અફવાઓ વચ્ચે, સોશિયલ મીડિયા પર તેમની કેટલીક તાજી તસવીરો સામે આવી છે, જેમાં બંને એકબીજાની બાહોમાં જોવા મળે છે ટી૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ વિરાટ કોહલી તેની પત્ની અનુષ્કા શર્મા અને બાળકો વામિકા અને અકાય સાથે લંડનમાં સમય વિતાવી રહ્યો છે. આ દરમિયાન અફવાઓ વહેતી થઈ હતી કે તે લંડન શિફ્ટ થઈ રહ્યો છે. જો કે આ અંગે તેમણે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. તાજેતરમાં સામે આવેલી તસ્વીરોમાં અનુષ્કા અને વિરાટ એકબીજા સાથે કોઝી જોવા મળી રહ્યા છે. તસવીરમાં અનુષ્કાએ ફ્લોરલ ગાઉન પહેર્યું છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. જ્યારે, વિરાટે સફેદ ટી-શર્ટ, બેજ શોર્ટ્સ અને બેજ કેપ પહેરી છે. આ તસવીરો જોઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે અને સોશિયલ મીડિયા પર પ્રેમ વરસાવી રહ્યા છે. વિરુષ્કાની આ સુંદર તસવીરો પર ચાહકોએ દિલથી પ્રતિક્રિયા આપી છે.



**ગોવિંદાએ રાજકુમારને પોતાનો શર્ટ ભેટમાં આપ્યો**

# રૂમાલ બનાવ્યો અને નાક અને હાથ લૂછવા લાગ્યો

**ગોવિંદાનો ક્રેઝ એટલો હતો કે તે ફિલ્મોમાં જે કપડાં પહેરતો હતો તે જ રીતે લોકો વાસ્તવિક જીવનમાં પણ રંગબેરંગી કપડાં પહેરવા લાગ્યા હતા....**



ગોવિંદાનો ક્રેઝ એટલો હતો કે તે ફિલ્મોમાં જે કપડાં પહેરતો હતો તે જ રીતે લોકો વાસ્તવિક જીવનમાં પણ રંગબેરંગી કપડાં પહેરવા લાગ્યા હતા. પરંતુ જ્યારે તેની 'આઈકોનિક' સ્ટાઈલ માટે લોકપ્રિય ગોવિંદાએ વરિષ્ઠ અભિનેતા રાજકુમારને તેનું એક શર્ટ ગિફ્ટ કર્યું ત્યારે તેની સાથે કંઈક એવું થયું જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. પોતાના સમયમાં બોલિવૂડના મોટા સ્ટાર ગણાતા ગોવિંદા ખૂબ જ કલરફુલ આઉટફિટ પહેરતા હતા. ગોવિંદાનો ક્રેઝ એટલો હતો કે તે ફિલ્મોમાં જે કપડાં પહેરતો હતો તે જ રીતે લોકો વાસ્તવિક જીવનમાં પણ રંગબેરંગી કપડાં પહેરવા લાગ્યા હતા. પરંતુ જ્યારે તેની 'આઈકોનિક' સ્ટાઈલ માટે લોકપ્રિય ગોવિંદાએ વરિષ્ઠ અભિનેતા રાજકુમારને તેનું એક શર્ટ ગિફ્ટ કર્યું ત્યારે તેની સાથે કંઈક એવું થયું જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. રાજકુમાર સાથે 'તિરંગા' જેવી જોરદાર હિટ ફિલ્મ આપનાર ડિરેક્ટર મેહુલ કુમારે હવે આખી વાત જણાવી છે. તેણે કહ્યું કે ગોવિંદાએ રાજકુમારને એક શર્ટ ભેટમાં આપ્યો અને તેને તે શર્ટમાંથી બનાવેલો રૂમાલ મળ્યો. ગોવિંદા અને રાજકુમારે સાથે બે ફિલ્મો કરી હતી. બંનેએ પહેલીવાર ૧૯૮૭માં 'મરતે દમ તક'માં સાથે કામ કર્યું હતું અને બીજી વખત તેઓ ફિલ્મ 'જંગબાઝ' માટે સાથે આવ્યા હતા. ડિરેક્ટર મેહુલ કુમારે જણાવ્યું કે આ સ્ટોરી 'જંગબાઝ'ના સેટની છે. બોલિવૂડ થિકાના સાથે વાત કરતા મેહુલ કુમારે કહ્યું, 'એકવાર ગોવિંદાએ સેટ પર ખૂબ જ વાઈબ્રન્ટ શર્ટ પહેર્યું હતું, જે રાજકુમારને ખૂબ ગમ્યું હતું, જ્યારે તેણે કોમ્પ્લિમેન્ટ આપ્યું ત્યારે ગોવિંદાને કટાક્ષ સમજાયો નહીં... તો બીજા દિવસે ગોવિંદા એ જ. શર્ટ તેમને ભેટમાં આપવામાં આવ્યું હતું, જેમાંથી રાજકુમારને બીજા દિવસે સેટ પર બનાવેલો રૂમાલ મળ્યો હતો. અને તેણે નાક અને હાથ લૂછવા માટે તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. ગોવિંદા આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી શક્યા ન હતા. મને ખાતરી છે કે તેને ખૂબ જ વિચિત્ર લાગ્યું હશે. મેહુલે એ પણ જણાવ્યું કે એકવાર રાજકુમારે તેને ગોવિંદા વિશે પૂછ્યું હતું - 'મેહુલ, તે હંમેશા ડાન્સ કરતો રહે છે!' તેણે આગળ કહ્યું, 'રાજકુમારની આ વાત સાંભળીને હું હસવા લાગ્યો અને મેં કહ્યું - 'તે ડાન્સર છે.'



**વર્ષ ૨૦૧૯માં તેને રિયાલિટી શો હન્ટેડથી અલગ ઓળખ મળી**

# ટીવી સ્ટાર હેરી સેવેજનું શંકાસ્પદ મૃત્યુ

**આ મામલાની માહિતી મળ્યા બાદ તેનું લંડનના પુટની સ્થિત ઘરને સીલ કરી દેવામાં આવ્યું**

ટીવી સ્ટાર હેરી સેવેજનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. તે તેના લંડનના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. વર્ષ ૨૦૧૯માં તેને રિયાલિટી શો હન્ટેડથી અલગ ઓળખ મળી. પોલીસના જણાવ્યા અનુસાર આ મામલાની માહિતી મળ્યા બાદ તેનું લંડનના પુટની સ્થિત ઘરને સીલ કરી દેવામાં આવ્યું છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ હજુ આવ્યો નથી, રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સ્પષ્ટ કારણ જાણી શકાશે. માહિતી અનુસાર, આજુબાજુના લોકોએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળ નજીક એક વ્યક્તિની ધરપકડ કરી હતી, જે હવે જામીન પર બહાર છે. હાલમાં પોલીસે આ કેસમાં ધરપકડ કરાયેલા યુવકની ઓળખ જાહેર કરી નથી. પોલીસના જણાવ્યા અનુસાર આ કેસની તપાસ હત્યા અને આત્મહત્યા સહિત વિવિધ એંગલથી કરવામાં આવી રહી છે. હેરીના પરિવારને આ અંગે જાણ કરવામાં આવી છે. તે માત્ર ૨૬ વર્ષનો હતો. પોલીસના જણાવ્યા અનુસાર તેની માતાનું તાજેતરમાં જ અવસાન થયું હતું. તે જ સમયે તેના પિતાનું પણ એક વર્ષ પહેલા અવસાન થયું હતું. હેરી તેના ભાઈ જેન્ક સાથે ૨૦૧૯ માં ટીવી શો હન્ટેડ સાથે ચર્ચામાં આવ્યો હતો. આ શો પછી, ૨૦૨૦ માં, તે એક અભિનય શાળામાં જોડાયો અને ટીવી ઉદ્યોગમાં જોડાયો. તાજેતરમાં તે તેના કાકા સાથે કરોડો રૂપિયાના જમીન વિવાદને લઈને સમાચારમાં હતો. સોશિયલ મીડિયા પર લોકો હેરીને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે હેરી ખૂબ જ સરળ સ્વભાવનો વ્યક્તિ હતો. અન્ય એક યુઝરે કહ્યું કે હેરી દરેક પાત્રને ખૂબ જ ગંભીરતાથી ભજવતો હતો. તમને જણાવી દઈએ કે પરિવારના સભ્યોએ ૨૬ જુલાઈના રોજ એક સ્મૃતિ સભાનું આયોજન કર્યું છે. દરમિયાન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ચેનલ ૪ સ્ટાર હેરી સેવેજ દક્ષિણ પશ્ચિમ લંડનમાં તેના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો કારણ કે મિત્રોએ "સૌથી સુંદર આત્મા'' ને શ્રદ્ધાંજલિ આપી, મિસ્ટર સેવેજ, ૨૬, જેઓ ૨૦૧૯ માં ટીવી રિયાલિટી શો હન્ટેડમાં દેખાયા હતા, ગયા શુક્રવારે તે ઘટનાસ્થળે બિનજવાબદાર હતા.



**સુપર સ્ટાર રજનીકાંતથી પણ વધુ પૈસાદાર છે આ કોમેડિયન**

# ૨૦૦ કરોડથી વધારે છે થલાઈવાની ફી, તેમ છતાં બ્રહ્માનંદમથી પાછળ !

**રજનીકાંત રિપોર્ટ અનુસાર એક ફિલ્મ કરવા માટે ૨૦૦ કરોડથી વધારે ચાર્જ લે છે**

સાઉથના સુપરસ્ટાર અભિનેતા રજનીકાંતને ચાહકો થલાઈવા કહે છે. તેમણે માત્ર સાઉથ નહિ પરંતુ બોલિવુડમાં પણ પોતાની એક્ટિંગથી ચાહકોના દિલ જીત્યા છે. આજે તેની ઓળખ દુનિયાભરમાં છે. રજનીકાંત ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સૌથી મોંઘા સ્ટારમાંથી એક છે. રિપોર્ટ અનુસાર તે એક ફિલ્મ માટે ૨૦૦ કરોડથી વધારે ચાર્જ લે છે. પરંતુ શું તમે જાણો છો કે, જે એક અભિનેતા મેળવી ન શક્યો તે એક કોમેડિયન અને અભિનેતા બ્રહ્માનંદમે મેળવ્યું છે. જે થલાઈવાથી વધુ અમીર છે. તો ચાલો તેના વિશે જાણીએ. બ્રહ્માનંદમે વર્ષ ૧૯૮૫માં પોતાના એક્ટિંગ કરિયરની શરુઆત કરી હતી. શરુઆતમાં નાના-મોટા રોલ કરતો હતો પરંતુ આજે તે પોતાની એક્ટિંગથી મોટું નામ કમાયું છે. તેનું નામ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયું છે. તે ઈન્ડસ્ટ્રીની લગભગ તમામ ફિલ્મોમાં જોવા મળે છે. રજનીકાંતે તેનાથી ૧૦ વર્ષ પહેલા ૧૯૭૫માં એક્ટિંગથી ડેબ્યુ કર્યુ હતુ. આજે બંન્ને સ્ટારની મોટી ફેનફોલોઈંગ છે. ફિલ્મમાં નાનો રોલ હોય છે. પરંતુ તેના રોલમાં તે તનતોડ મહેનત કરે છે.એટલા માટે આજે તેનું નામ સૌથી વધારે ચાર્જ લેતા સ્ટારમાં નામ આવે છે. તે ઈન્ડસ્ટ્રીનો ટોપ કોમેડિયન પણ છે. બ્રહ્માનંદમ અને રજનીકાંતના નેટવર્થની વાત કરીએ તો બ્રહ્માનંદમ, થલાઈવાથી ખુબ આગળ છે. કોમેડિન પોતાના ૩૯ વર્ષના કરિયરમાં અંદાજે ૧૧૦૦ ફિલ્મો કરી છે. તે રજનીકાંતથી વધારે અમીર છે. રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪માં બ્રહ્માનંદની નેટવર્થ અંદાજે ૫૫૦ કરોડ રુપિયા છે.








મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં વ્યાપક અને ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા ગાંધીનગરના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે પહોંચ્યા હતા.

# ગુરૂકુલ વિદ્યામંદિર સૂપાના વિદ્યાર્થીઓએ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી

### વિદ્યાર્થીઓએ કારગિલ શહીદો માટે ચિત્રો અને પોસ્ટર બનાવી રક્ષા મંત્રાલય દિલ્હી ખાતે મોકલ્યા

। (માહિતી) સુરત, તા.૨૫ ।

કારગિલ વિજય દિન ૨૬મી જુલાઈએ ભારતના પાકિસ્તાન પર કારગિલ યુદ્ધમાં વિજયના કારણે ઉજવવામાં આવે છે. ઈ.સ. ૧૯૯૯માં કારગિલ વિજય પછી ભારતના તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ આ દિવસને કારગિલ વિજય દિન તરીકે જાહેર કર્યો હતો. ગુરુકુલ અંગ્રેજી માધ્યમ સહિત તમામ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કારગિલ વિજય દિવસ નિમિત્તે દેશભક્તિ ગીત ગાઈ શહીદો માટે ચિત્રો અને પોસ્ટર બનાવી દેશભક્તિની ભાવના વ્યક્ત કરી.



વિદ્યાર્થીઓમાં કારગીલ શહીદ દિવસ વિશે માહિતગાર થાય અને સરહદ ઉપર લડતા જવાનો માટે માન અને સન્માન વધે તે માટે મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુલ વિદ્યાલયમાં દેશભક્તિ ગીત પ્રવચન અને ચિત્ર પોસ્ટર દ્વારા કારગિલ દિવસ મનાવવામાં આવ્યો. વિદ્યાર્થી દોરેલા પોસ્ટર રક્ષા મંત્રાલયમાં પોસ્ટ કરવામાં આવ્યા વિદ્યાર્થીઓની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ અને દેશભાવના આ પોસ્ટરના ચિત્રોમાં જોવા મળી. રાષ્ટ્રભક્તિ કેળવણીનું પ્રથમ પગથિયું છે તેવું આચાર્ય પરેશ દેસાઈએ જણાવ્યું હતું આચાર્ય રાકેશભાઈ આહીર, શીતલ પટેલ, સ્મિતા પાટીલ અને પ્રીતિ રાઠોડે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપ્યું હતું. ચિત્ર શિક્ષક નીરવ આહિરે આ પ્રવૃત્તિ માટે ભારે જહેમત ઉઠાવી હતી. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આચાર્ય ચંદ્રગુપ્તજી અને સુરેશભાઈ રત્નાણીશહીદોને વંદન કર્યા હતા. ગુરુકુલ પદાધિકારીઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી. જિલ્લા શિક્ષણાધિકારી જયેશ ચૌધરીએ દેશભક્તિની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ આવકારી હતી.

# રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે ગુજરાત ના ૪૬ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર

। ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૬ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૧,૮૦,૫૮૯ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૪.૦૬ ટકા જળસંગ્રહ ટકા નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૨,૪૦,૬૬૧ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૪૨.૯૬ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.



આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં ભારે વરસાદના પરિણામે દમણગંગામાં ૫૧,૭૦૮ ક્યુસેક, ઉકાઈમાં ૩૩,૧૬૮ ક્યુસેક અને હિરણ-૨માં ૧૫,૭૮૯ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ ઉપરાંત રાણા ખીરસરામાં ૧૩,૫૩૦ ક્યુસેક, ભાદર-૨માં ૧૩,૧૭૨ ક્યુસેક, વેણુ-૨માં ૧૨,૯૪૩ ક્યુસેક અને સરદાર સરોવરમાં ૧૧,૧૪૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ સિવાય રાજ્યના ૨૬ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત ૨૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૩૯ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૫૦.૦૬ ટકા, કચ્છના ૨૦માં ૪૯.૨૩, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૪૬.૧૬ ટકા,મધ્ય ગુજરાતના ૧૭માં ૩૫.૧૭, તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૬.૫૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

## માંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારનો પ્રવાસ કરતાં અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.



। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ માંડલ તાલુકાના સીતાપુર, ઉઘરોજ, ઉઘરોજપુરા ગામની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ ત્રણેય ગામની મુલાકાત લઈ પ્રજાકીય કાર્યોની સમીક્ષા કરી હતી.

કલેક્ટરશ્રીએ ત્રણેય ગામના સરપંચ સહિત ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો અને સ્થાનિક પ્રશ્નો વિશે માહિતી મેળવી તેના યોગ્ય નિરાકરણ બાબતે સબંધિત અધિકારીઓને સૂચના પણ આપી હતી. વધુમાં કલેક્ટરશ્રીએ ગામોમાં સ્વચ્છતા બાબતે પણ ભાર મૂકવા કહ્યું હતું.

વધુમાં, જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ ત્રણેય ગ્રામ પંચાયતના કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનો કર્યા હતા આ ઉપરાંત વિકાસના કાર્યોની પણ સમીક્ષા કરી હતી તથા ત્યાં હાજર સબંધિત અધિકારીઓને આ બાબતે જરૂરી સૂચનો પણ કર્યા હતા. આ ઉપરાંત કલેક્ટરશ્રી રેકર્ડ નિરીક્ષણ કરી હાજર અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરી સૂચન કર્યા હતા. આ મુલાકાત દરમિયાન મામલતદાર શ્રી હર્ષા રાવલ, પ્રાંત અધિકારી શ્રી વિરેન દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી શ્રી વિકાસ કુમાર અને સ્થાનિક વહીવટીતંત્રના લોકો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ



। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ ખાતે જુલાઈ મહિનાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે પણ હાજર રહ્યા હતા.

જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૪૧ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારોની સમસ્યાને કલેક્ટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. કલેક્ટરશ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી.

આ સ્વાગત કાર્યક્રમમાં ૪૧ જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, નવો રોડ બનાવવા, ગટર લાઈન બદલવા, ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા, જમીન સંપાદન અંગેનું વળતર ચૂકવવા, પીવાનું ચોખ્ખું પાણી આપવા, સ્ટ્રીટલાઈટ સુવિધા, ગંદકી દૂર કરવા જેવા અનેક પ્રશ્નોનો કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો.

## મામલતદારશ્રીની અધ્યક્ષતામાં ૨૩ જેટલી અરજીનો હકારાત્મક નિકાલ કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદના બાવળા તાલુકાના મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને જુલાઈ મહિનાનો તાલુકા કક્ષાનો સ્વાગત મામલતદાર કચેરી ખાતે યોજાયો હતો. જેમાં વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ જોડાયા હતા. તાલુકા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૨૩ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તેમણે વીજ પુરવઠો, સફાઈ, રસ્તાઓ તથા દબાણો સહિતની વિવિધ સમસ્યાઓ બાબતે કરેલી અરજી વિષયક રજૂઆતો મામલતદારશ્રી દ્વારા સાંભળવામાં આવી હતી. જેમાંથી કેટલીક અરજીઓ બાબતે જે-તે વિભાગને સ્થળ પર જ સૂચના આવી ફરિયાદનું નિવારણ કરવામાં આવ્યું હતું. તાલુકા કક્ષાએ લોકપ્રશ્નોના સમાધાન માટે આયોજિત થતા સ્વાગત કાર્યક્રમમાં પ્રશાસનના હકારાત્મક અભિગમથી નાગરિકોને સંતોષ થઈ રહ્યો છે. જેના પરિણામે રાજ્ય સરકારનો સ્વાગત કાર્યક્રમ એ જનસામાન્યના પ્રશ્નોનું સુખદ સમાધાન લાવવાનું માધ્યમ બની ગયો છે.

# ગુજરાતમાં રેલવે માટે આ વર્ષે રૂ. ૮,૭૪૩ કરોડની ફાળવણી : અશ્વિની વૈષ્ણવ

। નવી દિલ્હી, તા.૨૫ ।

ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટો માટે ફાળવણીમાં જંગી વધારો થતાં આ વર્ષે રૂ.૮૭૪૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ વર્ષના અંદાજપત્રમાં જોગવાઈઓ અંગે મીડિયાને માહિતી આપતા કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક તથા આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણુએ આજે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯-૨૦૧૪ દરમિયાન રૂ. ૫૮૯ કરોડના વાર્ષિક સરેરાશ ખર્ચની સરખામણીમાં ગુજરાત માટેના ખર્ચમાં આશરે ૧૫ ગણો વધારો થયો છે. મંત્રીએ માહિતી આપી હતી કે ગુજરાતમાં ૩૦,૮૨૬ કરોડની કિંમતના ૨,૯૪૮ કિમીને આવરી લેતા (નવા ટ્રેક) સહિત ૪૨ પ્રોજેક્ટ ચાલુ છે.

સાથે એમ પણ જણાવ્યું હતું કે ગુજરાતના ૮૭ સ્ટેશનોને અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જંકશન, બોટાદ જંકશન, ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જંકશન, દાહોદ, ડાકોર, ડેરોલ, ધ્રાગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જંકશન, ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથલી, જામનગર, જુનાગઢ જંકશન, કલોલ જંકશન, કાનાલુસ જંકશન, કરમસદ, કેશોદ, ખંભાળિયા, કીમ, કોસંબા જંકશન , લખતર, લીંબડી, લીમખેડા, મહેમદાવાદ ખેરા રોડ, માહેસ્ના જંકશન, મહુવા, મણિનગર, મીઠાપુર, મિયાગામ કરજણ જંકશન, મોરબી, નડિયાદ જેએન, નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જંકશન, પાલિતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંકશન, રાજુલા જંકશન, સાબરમતી બીજી, સાબરમતી એમજી, સચિન, સામખિયાળી, સંજાણ, સાવરકુંડલા, સાયનસિદ્ધપુર, સિહોર જંકશન, સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાન, ઉધના, ઉદવાડા, ઉમરગાંવ રોડ, ઊંઝા, ઉતરણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વામિત્રી.

ટ્રેકના વિકાસની વાત કરીએ તો, ૨૦૦૯-૧૪ દરમિયાન ૧૩૨ કિમીની સરખામણીમાં ૨૦૧૪-૨૦૨૪ દરમિયાન ૨૨૪ કિમી જ્યારે ગુજરાતમાં ૨૦૦૯-૧૪ દરમિયાન માત્ર ૧૩ કિમીની સરખામણીમાં ૨૦૧૪-૨૪ દરમિયાન ૩૦૦ કિમીનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. વધુમાં, ૨૦૧૪ થી ગુજરાતમાં ૯૮૯ રેલ ફલાયઓવર અને અન્ડર-બ્રિજ બનાવવામાં આવ્યા છે.

# ૨૬ જુલાઈના રોજ પશ્ચિમ રેલવે અમદાવાદ-પટના વચ્ચે વન-વે સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૫ ।

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ અમદાવાદ અને પટના વચ્ચે ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ વિશેષ ભાડા પર વન-વે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

**ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-પટના વન-વે સ્પેશિયલ**

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-પટણા સ્પેશિયલ અમદાવાદથી શુક્રવાર, ૨૬ જુલાઈ ૨૦૨૪ના રોજ ૧૬.૩૫ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે, રવિવારે સવારે ૦૭.૦૦ કલાકે પટના પહોંચશે. આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગડા, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, અયોધ્યા કેન્ટ, અકબરપુર, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર અને આરા સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં ૨૦ કોચ સ્લીપર ક્લાસ અને એક કોચ જનરલ ક્લાસનો હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૩નું બુકિંગ ૨૫ જુલાઈ ૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થાય છે. ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indian-rail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેના અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

### અરજદારોના પ્રશ્નો તથા રજૂઆતો રૂબરૂ સાંભળ્યા બાદ તેનો હકારાત્મક ઉકેલ લાવવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓને સૂચના આપી

। (માહિતી) સુરત, તા.૨૫ ।



જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુંબેના અધ્યક્ષતામાં આજરોજ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણના તમામ અરજદારોને ઉચ્ચ કક્ષાએ જવું ન પડે અને સ્થાનિક કક્ષાએ તેમના પ્રશ્નનો નિરાકરણ લાવવા માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ દિવસનું દર માસના ચોથા ગુરૂવારે આયોજન કરવામાં આવે છે. ૨૫ જુલાઈએ યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણમાં જિલ્લા વિકાસ અધિકારશ્રી અંકિત પન્નું, પ્રાયોજના અધિકારીશ્રી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેકટરશ્રી સી.કે. ઉંધાડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી જે. કે. જાદવ, નાયબ કલેકટર (પ્રોટોકોલ) શ્રી એન.એફ વસાવા સહિતના વિવિધ કચેરીઓના વડાઓએ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો રૂબરૂ સાંભળ્યા હતાં. આ કાર્યક્રમમાં ૦૯ જેટલા અરજદારોની ફરિયાદોને ઉપસ્થિત અધિકારીશ્રીઓ રૂબરૂ સાંભળ્યા હતા અને ૧૬ જેટલી અરજીઓ નિકાલ કરાઈ હતી. અરજદારો દ્વારા રસ્તાની કામગીરી અને માપણી તેમજ જમીનમાં ક્ષેત્રફળ સુધારો કરવા બાબત, તુટી ગયેલ જાહેરહિતનો રસ્તો નવો બનાવવા બાબત, આરોગ્યને લગતા પ્રશ્નો, ગામતળ જમીનમાં દબાણ હટાવવા બાબત, સહિતના વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. જે અરજદારોના પ્રશ્નો અંગેની વિગતો સાંભળ્યા બાદ તેને હકારાત્મક અભિગમ સાથે લગતા વિભાગોને તાત્કાલિક તેનો ઉકેલ લાવવા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુંબેએ ઉપસ્થિત કચેરીઓના વડાઓને સલાહ સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સવારે ધ્યાન તથા યોગને આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે. પૂર્વાનુમાનમાં તમારી ખુશીની ઉજવણી માટે પાર્ટી આપો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.



**કર્ક (ડ,હ) :**

આજે તમારા માટે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. તમારા કામમાં સમાન વિચારધારા ધરાવતા મિત્રોની મદદ લો.



**સિંહ (મ,ટ) :**

આજે તમને ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે.



**તુલા (ર,ત) :**

આજે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. સમજદારીપૂર્વક રોકાણ કરો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે.



**ધન (ભ,ધ,ફ) :**

લોકોને મદદ કરવાનો અને આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવાર સાથેના જોડાણ અને બંધનને તાજાં કરવાનો દિવસ.



**મકર (ખ,જ) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કોઈ પણ વાતમાં ચિંતિત થવાની જરૂર નથી અને પોઝિટિવ વિચારશરણી રાખવાનો પ્રયાસ કરો. આત્મ વિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.




રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાતાના કાર્યકાળનું બીજું વર્ષ પૂર્ણ થતાં એક શિક્ષિકાની ભૂમિકા નિભાવી. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલયના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને પાઠ આપ્યો.

### શું ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની

# અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે ?

## સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે. તો ચાલો જાણીએ કે શું ખરેખર રિટર્ન ભરવાની છેલ્લી તારીખ આપવામાં આવી છે? જો તમે પણ કરદાતા છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી થઈ શકે છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખને લઈને ઘણા લોકોના પ્રશ્નો હોય છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧ ઓગસ્ટ સુધી લંબાવી દેવામાં આવી છે. તો ચાલો જાણીએ કે શું ખરેખર રિટર્ન ભરવાની છેલ્લી તારીખ આપવામાં આવી છે? ઈન્કમટેક્સ વિભાગે સોશિયલ મીડિયા પર ચાલી રહેલા સમાચારોને લઈને ચેતવણી જાહેર કરી છે. વિભાગે કહ્યું કે સોશિયલ મીડિયા પર એક ન્યૂઝ ક્લિપ ફરતી થઈ રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ITR E-ફાઈલિંગની છેલ્લી તારીખ વધારીને ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ કરવામાં આવી છે. એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે આ સમાચાર ખોટા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ITR ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૪ છે.




આવકવેરા વિભાગે કરદાતાઓને ફેક ન્યૂઝ અને ટેક્સ રિફંડના નામે થઈ રહેલા નવા કૌભાંડોથી બચવા ચેતવણી આપી છે. વિભાગે કહ્યું કે કેટલાક સ્કેમર્સ ટેક્સ રિફંડના નામે એસએમએસ અને ઈમેલ મોકલીને લોકોના બેંક ખાતા ખાલી કરી રહ્યા છે. વિભાગે લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે. ટેક્સ રિફંડ સંબંધિત કોઈપણ સંદેશ અથવા ઈમેઈલની સત્તાવાર ચેનલો દ્વારા પુષ્ટિ કરવી આવશ્યક છે. આ બધું હોવા છતાં આવકવેરા વિભાગે ITR ફાઈલિંગમાં ભારે વધારો નોંધાવ્યો છે. ૨૨ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં ૪ કરોડ ITR ફાઈલ કરવામાં આવ્યા છે જે ગયા વર્ષ કરતા ૮ ટકા વધુ છે. આ વર્ષે ૭મી જુલાઈ અને ૧૬મી જુલાઈએ ૨ કરોડ અને ૩ કરોડનો આંકડો વટાવી ગયો હતો. ગત વર્ષે ૪ કરોડનો આંકડો ૨૪મી જુલાઈએ પાર થયો હતો.

### ક્રોમ બ્રાઉઝર યુઝર્સ પડશે સીધી અસર

# સાવધાન! ગૂગલે લીધો ચોંકાવનારો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

વિશ્વની જાણીતી ટેક કંપનીઓમાંની એક ગૂગલ વારંવાર નવા અપડેટ્સ પર કામ કરતી રહે છે, જેથી યુઝર્સને વધુ સારી સુવિધાઓ મળી શકે. આવી સ્થિતિમાં ઘણા લોકો તેમના સ્માર્ટફોનમાં ગૂગલ ક્રોમ બ્રાઉઝરનો ઉપયોગ કરે છે, જો તમે પણ ગૂગલ ક્રોમ બ્રાઉઝરનો ઉપયોગ કરો છો તો તમે આ સમાચારને અવગણી શકો નહીં. વાસ્તવમાં ગૂગલે એક મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણયની સીધી અસર યુઝર્સને થશે. ગૂગલ ક્રોમ બ્રાઉઝર હવે થર્ડ પાર્ટી કૂકીઝને રાખવામાં આવશે. ગૂગલના જણાવ્યા અનુસાર, ક્રોમ બ્રાઉઝરમાં એવું ફીચર ઉમેરવામાં આવશે જે યુઝર્સને બ્રાઉઝિંગ દરમિયાન યોગ્ય વિકલ્પો આપશે. રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે યુઝર્સ પોતાની સુવિધા અનુસાર આ ફીચરને એડજસ્ટ કરી શકશે. રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે ગૂગલના આ નિર્ણયથી મોટાભાગના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે, કારણ કે ગૂગલ ક્રોમ બ્રાઉઝરમાંથી થર્ડ પાર્ટી કૂકીઝ હટાવવા માટે ઘણા સમયથી કામ કરી રહ્યું હતું, પરંતુ હવે આ નિર્ણયથી બધું બદલાઈ જશે. ઘણા રિપોર્ટ્સમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ ૨૦૧૯થી ક્રોમ બ્રાઉઝરમાંથી થર્ડ પાર્ટી એપ્સની કૂકીઝ દૂર કરવા યુનિટ પ્રાઈવસી સેન્ડબોક્સ પર કામ કરી રહી હતી, જેથી થર્ડ પાર્ટી એપ્સની તમામ કૂકીઝને ક્રોમમાંથી દૂર કરી શકાય. રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે ગૂગલે આ નિર્ણય એડવર્ટાઈઝર્સના કારણે લીધો છે. જો ક્રોમ બ્રાઉઝરમાંથી થર્ડ પાર્ટી એપ્સની કૂકીઝ કાઢી નાખવામાં આવે તો ગૂગલને મોટું નુકસાન વેઠવું પડશે. નોંધનીય છે કે ગૂગલ તેની મોટાભાગની કમાણી જાહેરાતોથી કરે છે. આ જ કારણ છે કે ગૂગલે પોતાનો પ્લાન બદલવો પડ્યો

### ૧ ઓક્ટોબરથી નિયમ લાગુ પડશે

# દેશ છોડતા પહેલા ફરજિયાત ટેક્સ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું પડશે

## આવકવેરા અધિનિયમની કલમ ૨૩૦ મુજબ ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિએ દેશ છોડતા પહેલા ટેક્સ અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બજેટમાં નાણામંત્રીએ એક અગત્યની જાહેરાત કરી છે. હવે ભારત છોડવા માટે જરૂરી ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવા માટે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. ૧ ઓક્ટોબરથી ભારતમાં રહેતા કોઈપણ વ્યક્તિને બ્લેક મની એક્ટ હેઠળ તેઓ ક્લિયર છે તેની પુષ્ટિ કરતા ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂર પડશે. આવકવેરા અધિનિયમની કલમ ૨૩૦ મુજબ ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિએ દેશ છોડતા પહેલા ટેક્સ અધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મેળવવું આવશ્યક છે. આ પ્રમાણપત્ર પુષ્ટિ કરે છે કે વ્યક્તિનો કોઈ કર બાકી નથી અથવા કોઈ બાકી રકમ ચૂકવવાની વ્યવસ્થા કરવાની છે.આ જરૂરિયાત આવકવેરા અધિનિયમ તેમજ અગાઉના વેલ્થ ટેક્સ, ગિફ્ટ ટેક્સ અને એક્સપેન્ડિચર ટેક્સ એક્ટ હેઠળના કરને આવરી લે છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે કે ટેક્સ નિષ્ણાતો માને છે કે નોટિફિકેશન અથવા આગામી નિયમો જરૂરિયાતોને વધુ સ્પષ્ટ કરશે.વર્ષ ૨૦૨૪ના બજેટમાં બ્લેક મની એક્ટની કલમ ૪૨ અને ૪૩ હેઠળ રિયલ એસ્ટેટ સિવાયની વિદેશી અસ્કયામતો જો તેમની કુલ કિંમત રૂપિયા ૨૦ લાખથી ઓછી હોય તો તેની જાણ ન કરવા બદલ રૂપિયા ૧૦



લાખના દંડને દૂર કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી હતી. આ ફેરફાર ૧ ઓક્ટોબર ૨૦૨૪થી લાગુ થશે. દંડની જોગવાઈઓમાંથી આ મુક્તિ આ વિદેશી સંપત્તિઓની ખોટી અથવા બિન-રિપોર્ટિંગ પર પણ લાગુ પડે છે. જોગવાઈનો અર્થ એ છે કે દરેક વ્યક્તિ જે સામાન્ય રીતે ભારતના રહેવાસી છે તેમણે તેમની આવકવેરા રિટર્ન ફાઈલ કરતી વખતે તમામ શેર અને સિક્યોરિટીઝ જેવા રોકાણો સહિત વિદેશી સંપત્તિઓ અને આ સંપત્તિમાંથી કોઈપણ આવક જાહેર કરવી આવશ્યક છે. જો તેઓ વિદેશી આવક અને સંપત્તિની જાણ કરતા નથી અથવા તેમને સંબંધિત ITR સબમિટ કરવામાં નિષ્ફળ જાય છે તો તેઓ સંપત્તિની કિંમતને ધ્યાનમાં લીધા વિના બ્લેક મની એક્ટની કલમ ૪૨ અથવા ૪૩ હેઠળ ૧૦ લાખના દંડનો સામનો કરી શકે છે.

## ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યા બાદ ક્રિકેટર કુલદીપ યાદવ પહોંચ્યો બાગેશ્વર ધામ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બાગેશ્વર ધામના ઓફિશિયલ એક્સ પેજ પર કુલદીપ યાદવની તસવીરો અને વીડિયો શેર કરવામાં આવ્યા છે. તે જોઈ શકાય છે કે ભારતીય બોલરે પહેલા પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીના આશીર્વાદ લીધા, ત્યારબાદ તે થોડીવાર સ્ટેજ પર બેસી ગયો. જો કે, આ સમયગાળા દરમિયાન કુલદીપ નું નામાંકન બહાર પાડવામાં આવ્યું ન હતું. ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે બાગેશ્વર ધામ ખાતે ૧૮મી જુલાઈથી ૨૨મી જુલાઈ દરમિયાન વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં કુલદીપ યાદવે શાનદાર બોલિંગ કરી હતી. તેને લીગ સ્ટેજમાં પ્લેઈંગ ૧૧માંથી બહાર રાખવામાં આવ્યો હતો, પરંતુ જેવી જ ભારતીય ટીમ સુપર-૮ મેચ રમવા માટે વેસ્ટ ઈન્ડિઝ પહોંચી તો મોહમ્મદ સિરાજની જગ્યાએ કુલદીપ યાદવને અંતિમ ૧૧માં જગ્યા મળી ગઈ. વેસ્ટ ઈન્ડિઝની સ્પિન ફ્રેન્ડલી પિચ પર પણ કુલદીપ ઘણો અસરકારક સાબિત થયો હતો. તેણે ૫ મેચની ૫ ઈનિંગ્સમાં ૧૩.૯૦ની એવરેજ અને ૬.૯૫ની ઈકોનોમીથી ૧૦ વિકેટ લીધી હતી. ટુર્નામેન્ટમાં ૩/૧૯ તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું. T20 વર્લ્ડ કપ ૨૦૨૪થી કુલદીપ આરામ કરી રહ્યો છે. હવે તે શ્રીલંકા સામે ૨ ઓગસ્ટથી શરૂ થનારી વનડે શ્રેણીમાં રમતા જોવા મળશે. કુલદીપ ને શ્રીલંકા સામેની ટી-૨૦ શ્રેણી માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નથી. ટી-૨૦ સીરીઝ માટે ભારતીય ટીમ પણ શ્રીલંકા પહોંચી ગઈ છે. રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), શ્રેયસ અય્યર, શિવમ દુબે, કુલદીપ યાદવ, મોહમ્મદ. સિરાજ, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, રિયાન પરાગ, અક્ષર પટેલ, ખલીલ અહેમદ, હર્ષિત રાણા.



નવી દિલ્હીમાં સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં સોમનાથ ચેટરજીની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# અમેરિકાએ તેના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઇઝરી કરી જાહેર

## અમેરિકાએ ભારત જનારા પ્રવાસીઓને કહ્યું છે કે ભારતના કેટલાક વિસ્તારોમાં ગુના અને આતંકવાદને કારણે જોખમ વધારે છે

। (એજન્સી) અમેરિકા, તા.૨૫ ।

અમેરિકાએ તેના નાગરિકો માટે નવી ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં તેમને મણિપુર, જમ્મુ-કાશ્મીર અને ભારતના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં જવાની મનાઈ કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે તેણે ભારતના પૂર્વોત્તર રાજ્યોની જાણકારીને સામેલ કરતા તેની 'ટ્રાવેલ એડવાઈઝરી' અપડેટ કરી છે.

આ મુજબ ભારતને લેવલ ૨ પર રાખવામાં આવ્યું છે અને જમ્મુ-કાશ્મીર, મણિપુર, ભારત-પાકિસ્તાન સરહદ અને મધ્ય-પૂર્વ ભારતના કેટલાક ભાગોને લેવલ ૪ પર રાખવામાં આવ્યા છે. અમેરિકાએ ભારત જનારા પ્રવાસીઓને કહ્યું છે કે ભારતના કેટલાક વિસ્તારોમાં ગુના અને આતંકવાદને કારણે જોખમ વધારે છે.



જાતીય આધારિત નાગરિક સંઘર્ષને કારણે વ્યાપક હિંસા અને સમુદાયના વિસ્થાપનના અહેવાલો છે. તેથી, આવા સ્થળોની મુલાકાત લેતી વખતે વધુ સાવચેત રહો. ટ્રાવેલ એડવાઈઝરીમાં અમેરિકાએ કહ્યું હતું કે ભારતીય સત્તાવાળાઓના અહેવાલ મુજબ, બળાત્કાર એ ભારતમાં સૌથી ઝડપથી વધી રહેલા ગુનાઓમાંનો એક છે. પર્યટન સ્થળો અને અન્ય સ્થળોએ જાતીય હુમલો જેવા હિંસક ગુનાઓ બન્યા છે. આતંકવાદીઓ હુમલો કરી શકે છે. તેઓ પ્રવાસી સ્થળો, પરિવહન કેન્દ્રો, બજારો, શોપિંગ મોલ્સ અને સરકારી સુવિધાઓને લક્ષ્ય બનાવે છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે અમેરિકી સરકાર પાસે ગ્રામીણ વિસ્તારોમાં અમેરિકી નાગરિકોને ઈમરજન્સી સેવાઓ પૂરી પાડવાની મર્યાદિત ક્ષમતા છે. આ પ્રદેશ પૂર્વી મહારાષ્ટ્ર અને ઉત્તર તેલંગણાથી લઈને પશ્ચિમ પશ્ચિમ બંગાળ સુધી વિસ્તરેલો છે. એડવાઈઝરી જણાવે છે કે યુએસ સરકારી કર્મચારીઓએ આ વિસ્તારોમાં મુસાફરી કરવા માટે વિશેષ પરવાનગી મેળવવી પડશે.

## 3 વર્ષમાં ચોથી વખત નીતીશ કુમાર થયા આઉટ ઓફ કંટ્રોલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે ફરી એકવાર વિધાનસભામાં પોતાનો પિત્તો ગુમાવી દીધો હતો. ચોમાસુ સત્રના ત્રીજા દિવસે મુખ્યમંત્રી નીતિશ કુમાર ગૃહમાં જાતિ આધારિત વસતી ગણતરી અંગે સ્પષ્ટતા આપી રહ્યા હતા. આ દરમિયાન વિપક્ષના ધારાસભ્યોએ હંગામો કર્યો હતો. ત્યારબાદ સીએમ નીતિશ કુમાર ગુસ્સે થઈ ગયા હતા. આ દરમિયાન તેમણે ગૃહમાં ઈન્નકના મહિલા ધારાસભ્ય રેખા દેવી પર ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે તેમને કહ્યું કે, 'અરે મહિલા છો, તમને કંઈ ખબર નથી'. નીતિશ કુમારના આ નિવેદન પર ગૃહમાં હોબાળો મચી ગયો હતો. જોકે, આ પહેલી વખત નથી કે, મહિલાઓને લઈને નીતિશ કુમારની જીભ લપસી ગઈ હોય. આઠ મહિના પહેલા પ્રજનન દર અંગેના વિવાદાસ્પદ નિવેદનના કારણે નીતિશ વિપક્ષના નિશાન પર આવ્યા હતા.

## JEEમાં ૮૨૪મો રેન્ક મેળવનાર તેલંગાણાની મધુલતા બકરીઓ ચરાવશે

### આદિવાસી વિદ્યાર્થિનીને IITમાં એડમિશન મળે છે પરંતુ તેની પાસે ફી ચૂકવવાના પૈસા નથી

। (એજન્સી) તેલંગાણા, તા.૨૫।

તેલંગાણાની મધુલતાએ JEEમાં ૮૨૪મો રેન્ક મેળવ્યો છે. આ વાત સાંભળનારા લોકોને લાગશે કે હવે માત્ર IIT એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં પ્રવેશ મળશે અને જીવન સેટ થઈ જશે. જો કે જમીની વાસ્તવિકતા તદ્દન ભિન્ન છે. પરીક્ષામાં સારું પ્રદર્શન કરવા છતાં આ છોકરી IIT નથી જઈ રહી પરંતુ ખેતરોમાં બકરા ચરાવવા જઈ રહી છે. તેનું મુખ્ય કારણ, તેના પરિવારની નબળી આર્થિક સ્થિતિ છે. રિપોર્ટ અનુસાર, તેલંગાણાના રાજન્ના સરસિલ્લા ગામની રહેવાસી બદાવત મધુલતા આદિવાસી વિદ્યાર્થીની છે. તેણે ST એટલે કે અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં JEE પરીક્ષા આપી હતી અને ૮૨૪મો રેન્ક હાંસલ કર્યો હતો. આ પછી તેને આઈઆઈટી-પટણામાં પણ સીટ મળી ગઈ હતી, પરંતુ આર્થિક તંગીને કારણે હવે તેની શિક્ષણજગતમાં સફર અહીં જ અટકતી જોવા મળી રહી છે. તેના ઈન્ટર કોલેજના શિક્ષક બુક્યા લિંગમ નાયક કહે છે, છોકરી આર્થિક રીતે પછાત પરિવારમાંથી આવે છે, તેથી તે ફી ચૂકવવાની સ્થિતિમાં નથી. IITની ફીની વાત તો છોડો, તેનો પરિવાર તેને રાજ્યની કોઈપણ સામાન્ય ડિગ્રી કોલેજમાં પણ મોકલી શકવા સમર્થ નથી. જો તેને મદદ નહીં મળે તો મધુલતાએ આ યાત્રા અધૂરી જ છોડવી પડશે. વાસ્તવમાં આદિજાતિ કલ્યાણ જુનિયર કોલેજની વિદ્યાર્થીની મધુલતાએ હોસ્ટેલ ફી અને અન્ય ખર્ચ માટે ૨૭ જુલાઈ સુધીમાં ૩ લાખ રૂપિયા જમા કરાવવાના થાય છે. આ કર્યા પછી જ તે IITમાં પોતાની સીટ સુનિશ્ચિત કરી શકશે. ખાસ વાત એ છે કે એસટીના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, રહેઠાણ અને અન્ય ઘણા ખર્ચમાંથી મુક્તિ મળે છે, પરંતુ તે બાદ કર્યા પછી કરવાનો થતે નજીવો ખર્ચ પણ મધુલતાના પરિવાર માટે ઘણો જ વધારે છે. નાયકે જણાવ્યું કે મધુલતાના પિતા બીમાર છે અને તેથી તેમની દીકરીએ પરિવારની મદદ માટે બકરીઓ ચરાવવાનો નિર્ણય કર્યો છે. મધુલતાની બહેન સિરિષાએ જણાવ્યું છે કે રાજ્ય સરકારે મંગળવારે તેમનો સંપર્ક કર્યો હતો અને પરિવારને મદદ માટેની આશા બંધાવી હતી. હવે રાજ્ય સરકાર તરફથી મદદની ખાતરી મળતાં મધુલતા માટે આશાનું કિરણ જાગ્યું છે.





રાજ્યસ્તરે વરસાદી પરિસ્થિતિના પરિણામે બોરસદ તાલુકામાં થયેલ ભારે વરસાદના કારણોસર અસરગ્રસ્ત વિસ્તારોનું રૂબરૂ નિરીક્ષણ કરતા રૂષિકેશ પટેલ.

# સુરતમાં વેબસાઈટ પર દેખાતી શાળા સ્થળ પરથી જ ગાયબ !!

## અંબાનગરમાં મોટા ઉપાડે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરી પણ શિક્ષકોના અભાવે બંધ કરી દેવી પડી છે

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં મોટા ઉપાડે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરીને શાસકોએ પ્રસિદ્ધિ મેળવી લીધી હતી. પરંતુ અંબાનગરમાં મોટા ઉપાડે અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરી પણ શિક્ષકોના અભાવે બંધ કરી દેવી પડી છે. સમિતિએ બાળકો ન હોવાનું બહાનું આગળ ધરીને શાળા બંધ કરી છે પણ એ વાત તદ્દન ખોટી હોવાનો વિપક્ષ આક્ષેપ કરી રહી છે અને આવી અન્ય પણ શાળાઓ હોવાની શંકા વ્યક્ત કરી છે. સુરત શિક્ષણ સમિતિની વેબસાઈટ પર અંબાનગર ખાતે શાળા ક્રમાંક ૩૫૭ અંબાનગર ખાતે આવી છે. આ શાળામાં અંગ્રેજી માધ્યમની શાળા હોવાનું દેખાઈ રહ્યું છે. પરંતુ સ્થળ પર આ શાળા જ નથી અને અંગ્રેજી માધ્યમની શાળા બંધ કરી દેવામા આવી છે. આ અંગે વિપક્ષી સભ્ય રાકેશ હીરપરાએ શાળા ની મુલાકાત લઈને કહ્યું હતું કે, અંબાનગર માં આવેલી ૩૫૭ નંબરની શાળા આજુબાજુમાં સર્વે કર્યા બાદ જ શરૂ કરવામાં આવી હતી અને છતાં શિક્ષકોના અભાવે શાળા બંધ કરી દેવામાં આવી.છે.

સુરત શિક્ષણ સમિતિ બાળકો ન હોવાનું બહાનું આગળ ધરીને શાળા બંધ કરી છે પણ એ વાત તદ્દન ખોટી છે કારણ કે કોઈ પણ શાળા આજુબાજુમાં સર્વે કર્યા બાદ જ શરૂ કરવામાં આવે છે. તેવી જ રીતે સર્વે કરીને આ શાળા શરુ કરવામાં આવી હતી. પરંતુ આ શાળામાં મિતિએ આ શાળાને કોઈ કાયમી અંગ્રેજી શિક્ષક ફાળવ્યા જ નહોતા.

એકાદ વર્ષ આ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી અને એ પણ શિક્ષક પણ હિંદી માધ્યમના હતાં. એ એક જ વ્યક્તિ શિક્ષક, એ એક જ વ્યક્તિ આચાર્ય અને એ એક જ વ્યક્તિ એક થી પાંચ ધોરણ પણ સાચવતા હતા.

સમિતિ આ શાળામાં વિદ્યાર્થીઓ ન હોવાનું જણાવી શાળા બંધ કરી દેવામા આવી છે પરંતુ શિક્ષકો ન હોવાથી શાળા બંધ કરવામા આવી તે હકીકત છે. આ ઉપરાંત તેઓએ પ્રશ્ન કરતાં કહ્યું હતું કે, શાળા તો બંધ કરી દીધી પણ હવે ત્યાં ભણતાં બાળકોએ ક્યાં જવાનું ? આ શાળામાં સાવ મજૂર વર્ગના બાળકો આવતા હતાં, એમણે હવે ક્યાં જવાનું ? આ ગરીબોની મજાક નથી ?

તેઓએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે, ૩૧-૦૭- ૨૦૨૩ ના આંકડા પ્રમાણે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં કુલ ૫૦૯૨ વિદ્યાર્થીઓ સામે સમિતિ પાસે માત્ર ૩૬ જ કાયમી શિક્ષકો છે. વળી, આ ૩૬ કાયમી શિક્ષકો ૩૬૫ દિવસ તો હાજર નહી રહેતા હોય ? આમાંથી અમુક કાયમી શિક્ષકો રજા ઉપર હોય ત્યારે પરિસ્થિતિ શું થતી હશે ? સમિતિ દ્વારા શિક્ષકોની ભરતી કરવામા આવતી નથી તેથી વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્ન ઉભો થયો છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨૮ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બાદ મધ્ય ગુજરાતમાં મેઘરાજા જોરદાર બેટિંગ કરી રહ્યા છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહીને પગલે ૨૮ જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદ પડવા સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૫થી ૫૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. રાજ્યમાં એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૬મી અને ૨૭મી જુલાઈ સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, આણંદ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, વડોદરા, ભરૂચ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે અન્ય જિલ્લામાં સામન્ય વરસાદ પડી શકે છે. ૨૮મી જુલાઈ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી, સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં વરસાદનું યલો જાહેર કરાયું છે.

### અમદાવાદ-પટના વન-વે સ્પેશિયલ મુજફ્ફરપુર સુધી લંબાવાઈ

। અમદાવાદ, તા.૨૫ ।

યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ૨૬ જુલાઈ ૨૦૨૪ ના રોજ ચાલનારી અમદાવાદ-પટના વન વે સ્પેશિયલ ટ્રેનને મુજફ્ફરપુર સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-મુજફ્ફરપુર વન વે સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-મુજફ્ફરપુર સ્પેશિયલ ૨૬ જુલાઈ ૨૦૨૪ શુક્રવારના રોજ અમદાવાદથી ૧૬.૩૫ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૦૯.૩૦ કલાકે મુજફ્ફરપુર પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગરા ફોર્ટ, ટૂંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, અયોધ્યા કેન્ટ, અકબરપુર, વારાણસી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર અને હાજીપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ૨૦ કોચ સ્લીપર ક્લાસ અને એક કોચ જનરલ ક્લાસનો હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૩ નું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ચાલુ છે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### ફાયર NOCને લઈ શિક્ષણ વિભાગે કર્યો આદેશ

# આગામી ૩૦ દિવસમાં ફાયર એનઓસી મેળવી લેવા સૂચના

## ફાયર NOC અને ફાયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા નહિ હોય તેવી શાળાઓની માન્યતા રદ કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને ફાયર NOC મુદ્દે કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારે હવે શિક્ષણ વિભાગ દ્વારા ફાયર NOC અને ફાયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા નહિ હોય તેવી શાળાઓની માન્યતા રદ કરવામાં આવશે એવો આદેશ કરવામાં આવ્યો છે. ફાયર NOC લઈને શિક્ષણ વિભાગે શાળાઓને એક પરિપત્ર કરીને આગામી ૩૦ દિવસમાં ફાયર એનઓસી મેળવી લેવા કડક સુચના આપવામાં આવી છે. પરિપત્ર પ્રમાણે શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની તમામ શાળાઓને ફાયર NOC અને ફાયર સેફ્ટીના સાધનોને લઈને એક પરિપત્ર કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં શાળાઓએ ૩૦ દિવસમાં ફાયર NOC મેળવી લેવા આદેશ કર્યો છે. ફાયર એન.ઓ.સી.ની મંજૂરી અને ફાયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા કરવાની રહેશે અન્યથા શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી થશે. બે કે તેથી વધારે માળ ધરાવતી શાળાઓએ ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવાનો રહેશે.જે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય તે શાળામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરીને સ્કૂલની શિફ્ટ પધ્ધતિ ચલાવવી.

પરિપત્ર પ્રમાણે જે શાળાનો ફ્લોર એરીયા ૫૦૦ ચો.મી.થી વધુ હોય તેવી શાળાઓએ શક્ય હોય ત્યા સુધી ૫૦૦ ચો.મી.થી ઓછા ફ્લોર એરીયાનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવો. શાળા સમય દરમ્યાન આગ લાગી શકે કે પ્રસરી શકે તેવા કોઈપણ પ્રકારના જવલનશીલ પદાર્થો, વસ્તુઓ રાખી શકાશે નહી અને તેવી કોઈ પ્રવૃતિ કરી શકાશે નહીં. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય દરમ્યાન પુરતો હવા ઉજાસ જળવાઈ રહે, બારી બારણા ખુલ્લા રહે તેની તકેદારી રાખવી પડશે. શાળાઓએ ફાયર સેફ્ટી પ્લાન સરળ ભાષામાં તૈયાર કરી અને યોગ્ય જગ્યાએ પ્રદર્શિત કરવો. શાળામાં કોઈ અનિચ્છનીય બનાવ કે ઘટના બનશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

### NSUI દ્વારા ઉગ્ર આંદોલન કરી રજૂઆત કરાઈ

# સૌરાષ્ટ્ર યુનિ. શિક્ષણ હેતુની જગ્યા જાણ કર્યા વગર બારોબાર વેચી દેવાઇ

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે NSUI દ્વારા ઉગ્ર આંદોલન કરી રજૂઆત કરવામાં આવી હતી. તેઓની રજૂઆત મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક વિશાળ વટ વૃક્ષ તરીકે ઉભી છે. ત્યારે રાજકોટ મહાનગર પાલિકાના ખરાબ ઈરાદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કરોડો રૂપિયાની જમીન જે તે બિલ્ડરને ખોટી રીતે ફાળવીને સૌરાષ્ટ્રના ગરીબ અને મધ્ય વિધાર્થીઓ સાથે અન્યાય કરવામાં આવ્યું છે. એટલે અયોગ્ય રીતે પડાવેલી જમીન યુનિવર્સિટીને યોગ્ય રીતે પાછી આપવામાં આવે તેવી માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. NSUI પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાની મંજૂરી અને અમલી ટાઉનશીપ પ્લાનિંગ સ્કીમ નંબર ૧૬ (રૈયા) માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માલિકીની અને કબજાની જમીન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સત્તાધીશોને જાણ કર્યા વગર જ બારોબાર જ વેચી નાખવામાં આવી છે. જો આ પ્લોટની ફાળવણી કરવી હોય તો તે નિયમ અનુસાર કલેક્ટર તંત્ર દ્વારા યુનિવર્સિટીની જાણ કરવામાં આવે તેમજ મહાનગરપાલિકા દ્વારા પણ જાણ કરવામાં આવે ત્યારબાદ સ્થળની તપાસ યોગ્ય કરી તેનું પંચનામુ કરવામાં આવે અને ત્યારબાદ જો યુનિવર્સિટીના સત્તાધીશો આ બાબતે સહમત હોય તો જ આપ પ્લોટ ફાળવણીની કાર્યવાહી આગળ થઈ શકે. સુત્રો પ્રમાણે પ્રાપ્ત માહીતી મુજબ આ જમીન ખોટી રીતે વેચી ભ્રષ્ટાચાર કરીને ફાળવણી કરવામાં આવેલી છે. જે બાબતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરએ મહાનગરપાલિકાને ૨૦૨૧, ૨૦૨૨ તથા ૨૦૨૩ અનેકવાર પત્ર વ્યવહાર કરીને તંત્રને જાણ અને રજૂઆત કરેલી છે કે આ જગ્યા અયોગ્ય રીતે અમારી પાસેથી પડાવેલી છે, પણ મહાનગરપાલિકા દ્વારા એક પણ પત્રનો જવાબ આપવામાં આવ્યો નથી. જે બાબતે આપ શ્રીને નમ્ર અપીલ છે કરીએ છીએ કે આ યુનિ. ભણતા વિધાર્થીઓ ગરીબ અને મધ્યમ વર્ગના છે. આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની નામાંકિત યુનિવર્સિટીને અદ્યતન કરવાના જે પ્રયત્નો મહાનગરપાલિકાએ ભ્રષ્ટાચાર માટે કર્યા છે તે સાંખી લેવામાં આવશે નહીં. ન્યાયની માંગણી કરતા NSUI એ કહ્યું કે આ જમીન પર કરોડોનો ભ્રષ્ટાચાર કરનાર જે ભાજપના પદાધિકાર તેમજ મહાનગર પાલિકાના અધિકારી સંડોવાયેલા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરસાદની સ્થિતિની અંગેની સમીક્ષા કરી

## લોકોનું સલામત સ્થળે સ્થળાંતર તથા આશ્રય સ્થાનોમાં આરોગ્ય, અન્ન પુરવઠો વગેરેની સુવિધા અંગે સમીક્ષા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાતમાં કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બાદ મધ્ય ગુજરાતમાં પણ ભારે વરસાદને કારણે જનજીવન અસરગ્રસ્ત બન્યું છે. સુરત અને વડોદરામાં હાલ ચારેકોર વરસાદ અને પુરના પાણી ભરાયાં છે. ત્યારે તાજેતરમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દ્વારકા અને જામનગરના પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. હવે તેઓ રાજ્યમાં વ્યાપક અને ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિનો તાગ મેળવવા ગાંધીનગરના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે પહોંચ્યા હતા.ભારે વરસાદથી અસરગ્રસ્ત સાત જિલ્લાઓના કલેક્ટરો અને વડોદરા તથા સુરત મ્યુનિસિપલ કમિશનર સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને સ્થિતિની જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત જિલ્લાઓના નીચાણવાળા વિસ્તારના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર તથા આશ્રય સ્થાનોમાં આરોગ્ય, અન્ન પુરવઠો વગેરેની સુવિધા અંગે તેમણે જાયજો મેળવ્યો હતો.જ્યાં પાણી ભરાયેલા છે ત્યાં પાણી ઓસરે અને વરસાદ અટકે એટલે તુરંત જ માટી-કાંપની સફાઈ, જંતુનાશક દવાઓના છંટકાવ તથા પડી ગયેલા ઝાડની આડશો દૂર કરવાના કામો અગ્રતાએ ઉપાડવા સૂચનાઓ આપી હતી. જિલ્લા તંત્ર વાહકોની સતર્કતા અને સંકલનને પરિણામે આપણે વ્યાપક નુકશાન અટકાવી શક્યા છીએ તેમ જણાવ્યું હતું. આવનારા દિવસોમાં વધુ વરસાદ પડે તો પણ આજ સતર્કતા સાથે કાર્યરત રહેવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ સ્ટેટ કંટ્રોલ રૂમ સાથે સતત સંકલનમાં રહીને ઓછામાં ઓછું નુકશાન થાય તેવા આગોતરા આયોજન માટે પણ સૂચનો કર્યા હતા. વરસાદને પરિણામે રાજ્યના જે વિસ્તારોમાં વીજ પુરવઠાને અસર પહોંચી છે ત્યાં યુદ્ધના ધોરણે મરામત કામગીરી કરી સ્થિતિ પૂર્વવત કરવા તંત્ર કામે લાગ્યું છે તેની પણ વિગતો મેળવી હતી. માર્ગોને થયેલા નુકસાન, બંધ થયેલા માર્ગો ત્વરાએ પુનઃવાહન વ્યવહારયુક્ત બને તે માટે ઝાડ-થાંભલા વગેરેની આડશો હટાવવા જે.સી.બી સહિતની મશીનરી કામે લગાડવા તેમણે માર્ગ-મકાન વિભાગને સૂચનાઓ આપી હતી. આ હેતુસર જરૂર જણાયે નજીકના જિલ્લામાંથી સાધનો અને મેન પાવરની વ્યવસ્થા કરીને પણ સ્થિતિ ઝડપભેર પૂર્વવત કરવા મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગોને પણ તાકીદ કરી હતી.રાજ્યમાં હાલની સ્થિતિએ જે જળાશયો, ડેમ પૂર્ણ કક્ષાએ ભરાઈ ગયા છે કે ભયજનક સપાટીએ છે.

# પશ્ચિમ રેલવે અમદાવાદથી કુડાલ અને મેંગલુરુ વચ્ચે ગણપતિ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવે ગણપતિ મહોત્સવ ૨૦૨૪ દરમિયાન વધારાની ભીડને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદ-કુડાલ અને અમદાવાદ-મેંગલુરુ સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક વિશેષ ટ્રેનો ચલાવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નં. ૦૯૪૧૨/૦૯૪૧૧ અમદાવાદ - કુડાલ સાપ્તાહિક વિશેષ ૨૬ ટ્રિપ્સ

ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદ–કુડાલ સાપ્તાહિક સ્પેશિયલ ૦૩,૧૦ અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ (મંગળવાર)ના રોજ અમદાવાદથી ૦૯.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૩.૩૦ કલાકે કુડાલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૧ કુડાલ-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ૦૪,૧૧ અને ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ (બુધવાર)ના રોજ કુડાલથી ૦૪.૩૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૩.૪૫ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, વીર, કરંજાડી, ખેડ, ચિપલુન, સાવર્ડા, આરવલી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, આડવલી, વિલવાડે, રાજાપુર રોડ, અને થોભશે. વૈભવવાડી રોડ, નાંદગાંવ રોડ, કણકવલી અને સિંધુદુર્ગ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ ના કોચ હશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૨૪/૦૯૪૨૩ અમદાવાદ – મેંગલુરુ સાપ્તાહિક સ્પેશિયલ ૨૬ ટ્રીપ્સ

ટ્રેન નંબર ૦૯૪૨૪ અમદાવાદ–મેંગલુરુ સાપ્તાહિક સ્પેશિયલ ૦૬,૧૩ અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ (શુક્રવાર)ના રોજ અમદાવાદથી ૧૬.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૯.૪૫ કલાકે મેંગલુરુ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૩ મેંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ૦૭, ૧૪ અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ (શનિવાર) ના રોજ મેંગલુરુથી ૨૨.૧૦ કલાકે ઉપડશે અને સોમવારે ૦૨.૧૫ કલાકે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, ઘેડ, ચિપલુણ, સાવર્ડા, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કણકવલી, સિંધુદુર્ગ, કુડાલ, સાવંતવાડી રોડ, થિવીમ, કરમાલી, મડગાંવ, કાણકોન, કારવાર, અંકોલા, ગોકર્ણ રોડ, કુમટા, મુર્ડેશ્વર, ભટકલ, મુકામ્બિકા રોડ, કુંઢાપુરા, ઉડુપી, મુલ્કી અને સુરતકલ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૨ અને ૦૯૪૨૪ માટે બુકિંગ ૨૮ જુલાઈ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટર્સ પર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### મામલામાં પોલીસે કાર્યવાહી હાથ ધરી

# તેજસ શાહ જેવા ચીટરો વિદેશ મોકલવાના બહાને લોકોને છેતરે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

શહેરમાં વિદેશ મોકલવાના નામે લોકોને છેતરતા અનેક ગઠિયા સક્રિય થઈ ગયાં છે. ગઈકાલે જ કેનેડા મોકલવાના બહાને ઉમિયા ઓવરસિઝ ના સંચાલકોએ પાંચ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાના અહેવાલ પ્રકાશમાં આવ્યા હતાં. ત્યારે હવે ફરીવાર એક ગઠિયાએ વિદેશ મોકલવાના બહાને ચાર લાખ રૂપિયાની ઠગાઈ કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના સૌથી મોટા ચીટર તેજસ શાહે એર ટિકીટ અને હોટેલ બુકિંગના નામે અનેક લોકોને છેતર્યા છે. તે લોકોન પૈસા પડાવીને વિદેશ ભાગી ગયો છે અને ગર્લફ્રેન્ડો સાથે લોકોના પૈસે ઐયાશી કરી રહ્યો છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે ચાંદખેડામાં રહેતા જોઘાસિંગ જસલે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા કહ્યું હતું કે, મારા જમાઈએ વિદેશ જવાની વાત કરી હતી. ત્યારે એક ઓળખિતા વ્યક્તિ મારફતે ૨૦૨૩માં અમદાવાદના મેમનગરમા રહેતા રાજેશ પટેલનો સંપર્ક થયો હતો. ત્યાર બાદ અમે રાજેશ પટેલને તેમના ઘરે મળવા ગયા હતાં. તેમણે અમને કહ્યું હતું કે, પોર્ટુગલ દેશના વિઝા મળી જશે. જો તમારી ઈચ્છા હોય તો સાત લાખ રૂપિયા ખર્ચો થશે. જેમાં પાંચ લાખ રૂપિયા પહેલા આપવાના થશે અને પોર્ટુગલ પહોંચ્યા બાદ ત્યાંથી પગારમાંથી બે લાખ રૂપિયા આપવા પડશે. ત્યાર બાદ અમે રાજેશ પટેલને ટોકન પેટે તેના ઘરે રોકડા ૫૦ હજાર રૂપિયા આપ્યા હતાં. ત્યાર બાદ તેમણે મારા જમાઈના વિવિધ ડોક્યુમેન્ટ માંગતા તેમને પુરા પાડ્યા હતાં. તે ઉપરાંત અમે રાજેશ પટેલને ટુકડે ટુકડે કુલ ચાર લાખ રૂપિયા આપ્યા હતાં. ત્યાર બાદ અમે તેની પાસે વિઝાની ઉઘરાણી કરતાં તેણે અમારી સાથે વાત કરવાની બંધ કરી દીધી હતી. અમે તેની સાથે રૂબરૂ મુલાકાત કરતાં તેણે કહ્યું હતુંકે, પોર્ટુગલની વ્યવસ્થા થશે નહીં પણ અન્ય દેશમાં મોકલી આપીશ અને તેનો પણ ખર્ચ સાત લાખ રૂપિયા થશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨